RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 25* Date: 14.11.2022, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### વાઘોડિયાના દબંગ ધારાસભ્યના ભાજપને રામ-રામ:

# હું એગ્રોનો ચેરમેન હતો ને મેં ૩૦૦ કરોડનું કૌભાંડ પકડ્યું તો પાર્ટીએ મારૂ રાજીનામું માગ્યું હતુંઃ મધુ શ્રીવાસ્તવ



વડોદરા,તા.૧૩

વડોદરા જિલ્લાના વાઘોડિયાના ભાજપના દબંગ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે ભાજપમાંથી રાજીનામું આપ્યું છે. હવે મધુ શ્રીવાસ્તવ અપક્ષ ચૂંટણી લડી શકે છે. મધુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, મારી ટિકિટ કપાતા મારા કાર્યકરો રોષે ભરાયા હતા. જેથી હું ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપું છું. બે દિવસમાં કાર્યકરો અને કમિટી નક્કી કરે તે પ્રમાણે હું નિર્ણય કરીશ. કાર્યકરો કહેશે તો હું અપક્ષ ચૂંટણી લડીશ. હું આજે ભાજપને રામ રામ કહું છું.વધુમાં તેઓઓ જણાવ્યું હતું કે, મને ત્રણ વર્ષ માટે એગ્રોનો ચેરમેન બનાવ્યો હતો. બે વર્ષ કોરોનામાં ગયા, છેલ્લુ એક વર્ષ બાકી હતું. એક વર્ષમાં મેં ૩૦૦ રૂપિયાનું કૌભાંડ પકડ્યું હતું. જેમાં મેનેજર આસિસ્ટન્ટ મેનેજર અને એમ.ડી.ને સસ્પેન્ડ કર્યા હતા. મેં ગાંધીનગર એગ્રોની ઓફિસમાં જઈને ૩૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ ઝડપ્યું હતું. તે સમયે પણ મને બોલાવીને પાર્ટીએ જબરદસ્તી રાજીનામું માંગ્યુ હતું.

મધુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, હું ભાજપના તમામ હોદ્દા પરથી રાજીનામું આપું છું. લાંબા સમયથી હું ભાજપનો કાર્યકર રહ્યો છું. પાર્ટીએ મને ધારાસભ્ય તરીકે સેવાની તક આપી. પરંતુ ભાજપે ઉમેદવારી માટે ટિકિટ ન ફાળવતા હવે હું સમાજની સેવા કરવા માગું છું. ત્યારે મારા કાર્યકરો અને શુભેચ્છકો સાથે ચર્ચા-વિચારણા કરી હું ભાજપના પ્રાથમિક સભ્યપદથી રાજીનામું આપું છું અને મારા ૫૦૦ કાર્યકરો સાથે ભાજપમાંથી રાજીનામું આપું છું. અપક્ષ ચૂંટણી લડવી કે નહીં તે અંગે આગામી સમયમાં નિર્ણય કરીશ.

ગૃહમંત્રીને ન મળવા બાબતે તેમણે જણાવ્યું હતું કે, હું તો દર્શન કરવા ગયો હતો અને હર્ષ સંઘવી કોણ? મારાથી ઉંમરમાં નાના, એ મને મનાવી શકે કે, હું એમને મનાવી શકું. એ પાર્ટીએ નક્કી કરવાનું. રૂપાણી અને મોટા લોકોને મોકલ્યા હોત તો કોઈ રસ્તો નીકળ્યો હોત. છોકરા જેવુ મનાવવા નીકળે એ શક્ય નથી. મારે અમિત શાહ સાથે પણ વાત થઈ હતી. એમને કહ્યું હતું કે, તમે ના લડો. મેં એમને કહ્યું કે, મારી કારકિર્દી પૂરી કરી દીધી છે. તેમને મને બે દિવસ રોકાવવા કહ્યું હતું કે, બે દિવસ રોકાઈ જાવ તો હું બે દિવસ રોકાઈ ગયો હતો. પરંતુ, કોઈ નિર્ણય ન લેવાતા મેં આ નિર્ણય કર્યો છે.

વડોદરા જિલ્લાના વાઘોડિયા બેઠકના દબંગ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવની ટિકિટ ભાજપે કાપી હતી. જેને પગલે મધુ શ્રીવાસ્તવે અપક્ષ ચૂંટણી લડવાની તૈયારી કરી દીધી હતી. બે દિવસ પહેલાં જ મધુ શ્રીવાસ્તવે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, હું ચૂંટણી લડીશ તો અપક્ષ તરીકે લડીશ, બીજી કોઈ પાર્ટીમાં નહીં જઉં. હું ભાજપનો છું અને ભાજપમાં જ રહેવાનો છું. ચૂંટણી લડ્યા પછી પણ ભાજપને જ સપોર્ટ કરવાનો છું. બે દિવસમાં કાર્યકર્તાઓને ભેગા કરીને કાર્યકર્તાઓ જે નિર્ણય લેશે, તેના આધારે હું ચાલવાનો છું.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, પાર્લામેન્ટ્રી બોર્ડે જે નિર્ણય કર્યો તે શિરોમાન્ય છે. હવે કાર્યકર્તા વડે હું અપક્ષ કોર્પોરેટર બન્યો, ત્યારબાદ એ જ કાર્યકર્તાઓ વડે ધારાસભ્ય બન્યો. વડોદરા અને વાઘોડિયાના એ કાર્યકર્તાઓને બે દિવસમાં ભેગા કરીને કાર્યકર્તા જે નિર્ણય લેશે તેના આધારે હું ચાલવાનો છું. કાર્યકર્તાઓ કહેશે કે કોઈ કાર્યકર્તાને ચૂંટણી લડાવવાની છે, તો તેને લડાવીશું. કર્તાકર્તાઓ કહેશે મધુભાઈ તમે લડો તો જ હું ચૂંટણી લડીશ. તેમાં શંકાને કોઈ શંકાને સ્થાન નથી.

તેમણે ઉમેર્યુ કે, પાર્લામેન્ટ્રીવાળા દિલ્હીમાં બેઠા છે. જાતિવાદી ટિકિટ આપવાની હોય, બે દરબારો અને બે પટેલોને આપો. હું એ જ્ઞાતિમાં નથી આવતો હું પરપ્રાંતીયમાં આવું છું. મારો ગુજરાતીઓ સાથે વર્ષોથી સંબંધ છે. મને રિપીટ કરવાના જ હતા. કોઈક લોકોએ ભરમાવતા અને જુઠ્ઠું બોલવાના કારણે ત્યાં અહેવાલ પહોંચ્યો હતો. હું જીતીને ભાજપમાં જ છું. હું જાતે જ લડવાનો છું અને જીતીને ભાજપમાં જ જવાનો છું.

વડોદરા જિલ્લાની વાઘોડિયા વિધાનસભાની ગત સપ્તાહે યોજાયેલી સેન્સપ્રક્રિયા બાદ ૨૭ ઉમેદવારની યાદી નક્કી કરાઈ હતી. જોકે તેમ છતાં રવિવારે સાંકરદા ખાતે કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ ગુપ્ત મિટિંગ કરી હતી, જેમાં વાઘોડિયા વિધાનસભાના ઉમેદવારોની ફરીથી સેન્સ લેવામાં આવી હોવાની માહિતી મળી છે. મળતી માહિતી મુજબ, શનિવારે ગાંધીનગર ખાતે મળેલી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ઉમેદવારની પસંદગીમાં સર્વ સંમતિ સધાઈ નહોતી, જેને કારણે મંત્રી પુરુષોત્તમ રૂપાલા વડોદરા આવ્યા હતા. સાંકરદા ખાતે ફાર્મહાઉસમાં બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં સાંસદ રંજનબેન ભટ્ટ, જિલ્લા પ્રમુખ અશ્વિન પટેલ તેમજ વડોદરા જિલ્લા અને તાલુકાના સંગઠન મંત્રીઓ હાજર રહ્યા હતા. જોકે વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને દૂર રાખવામાં આવ્યા હતા.વાઘોડિયા બેઠક પર મધુ શ્રીવાસ્તવ વિજયી બનતા આવ્યા છે. ૧૯૯૫માં અપક્ષમાંથી ચૂંટાયા બાદ તેઓ ભાજપમાં જોડાયા હતા અને સતત ૬ ટર્મથી ચૂંટણી જીતતા આવ્યા છે અને મધુ શ્રીવાસ્તવને ૭મી વખત ચૂંટણી લડવી હતી, પરંતુ ભાજપે આ વખતે તેમને રિપીટ કર્યા નહોતા. મધુ શ્રીવાસ્તવે બે દિવસ પહેલાં જ અપક્ષ ચૂંટણી લડવાની તૈયારી કરી દીધી હતી. વડોદરાના વાઘોડિયા વિધાનસભાના ધારાસભ્ય વારંવાર વિવાદોમાં રહેતા આવ્યા હતા. ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ મીડિયાને ધમકી આપવાની હોય કે તંત્રને ધમકાવવાનું હોય, પોતે જ સર્વોપરી છે તેમ માની અને પોતાની દબંગાઈનો પરચો બતાવતા આવ્યા હતા.

## કાનપુરના ઘાટમપુરમાં ૯૦ ટકા વસ્તીનું ધર્માંતરણ થયું ,પોલીસે તપાસ શરૂ કરી

### ઈસાઈ મિશનરીઓ સાથે જોડાયેલા લોકો ઘાટમપુર વિસ્તારમાં તેઓ ગરીબોને આર્થિક પ્રલોભન આપીને માઈન્ડ વોશ કરે છે

કાનપુર,તા.૧૩

ઉત્તર પ્રદેશના કાનપુરમાં ધર્મ પરિવર્તનનો મોટો ખેલ ચાલી રહ્યો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે જિલ્લાના ઘાટમપુર વિસ્તારના ઘણા વિસ્તારોમાં ૯૦ ટકા વસ્તીનું ધર્માંતરણ થઈ ગયું છે. ધર્મ પરિવર્તન અંગે મળતી માહિતી મુજબ ઈસાઈ મિશનરીઓ સાથે જોડાયેલા લોકો બહારના પ્રદેશની વસાહતોને નિશાન બનાવે છે અને અહીં તેઓ ગરીબોને આર્થિક પ્રલોભન આપીને માઈન્ડ વોશ કરે છે અને પછી તેમનું ધર્મ પરિવર્તન કરે છે.

જ્યારે બાકીની વસ્તી પર ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહી છે, પરંતુ હવે એક વ્યક્તિએ આ મામલે પોલીસમાં ફરિયાદ કરી છે. બીજી તરફ આ મામલો પોલીસ સુધી પહોંચતા જ આ ધર્મ પરિવર્તનમાં લાગેલા લોકો ઘરને તાળા મારીને ભાગી ગયા હતા. હાલ પોલીસ પોતાના સ્તરે મામલાની તપાસ કરી રહી છે. એડિશનલ



એસપી વિજેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું કે તાજેતરમાં આવી ફરિયાદ આવી છે. આ ફરિયાદના આધારે ઘાટમપુર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસે જણાવ્યું કે ઘાટમપુરમાં રહેતા ઈશુ અવસ્થી નામના યુવકને ખ્રિસ્તી મિશનરીઓએ ખ્રિસ્તી ધર્મ અપનાવવાની લાલચ આપી હતી. પરંતુ તેણે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના શુભમ સૌર્ય વગેરેનો સંપર્ક કર્યો અને પછી તેમની સાથે ઘાટમપુર પોલીસ સ્ટેશનમાં આવીને ફરિયાદ આપી. આ ફરિયાદ પર પોલીસ તપાસ શરૂ થતાં જ આરોપીઓ ઘરને તાળા મારીને ભાગી ગયા હતા. પોલીસ આ તમામ લોકોને શોધી રહી છે.

ધર્મ પરિવર્તન અંગે મળતી માહિતી મુજબ ઈસાઈ મિશનરીઓ સાથે જોડાયેલા લોકો બહારના પ્રદેશની વસાહતોને નિશાન બનાવે છે અને અહીં તેઓ ગરીબોને આર્થિક પ્રલોભન આપીને માઈન્ડ વોશ કરે છે અને પછી તેમનું ધર્મ પરિવર્તન કરે છે. અહીં ગરીબોને આર્થિક પ્રલોભન આપીને તેઓનું મન જીતી લે છે અને પછી તેમનું ધર્મ પરિવર્તન કરવામાં આવી રહ્યું છે કે આવી ઘટના ઘણા વર્ષોથી ચાલી રહી છે. જેના કારણે આ વિસ્તારની ઘણી કોલોનીઓમાં લગભગ ૯૦ ટકા વસ્તીએ ધર્મ પરિવર્તન કર્યું છે.

વિશ્વ હિંદુ પરિષદના અધિકારીઓના જણાવ્યા અનુસાર કાનપુરના ઘાટમપુર માં રહેતી ૯૦ ટકા વસ્તીનું ધર્માંતરણ થયું છે. તેમને સમજાવીને ઘરે પરત લાવવાની તૈયારી પણ કરવામાં આવી છે. આ અંગે પોલીસને સતત ફરિયાદો કરવામાં આવી રહી છે, પરંતુ પોલીસના ઉદાસીન વલણને કારણે આવા લોકોનું મનોબળ વધી રહ્યું છે.

## ઈંગલિશ પ્રીમિયર લીગની ટોચની ક્લબ લિવરપૂલ ખરીદવા મુકેશ અંબાણી મેદાનમાં

નવી દિલ્હી, તા.૧૩

વિશ્વના આઠમાં સૌથી અમીર વ્યક્તિ મુકેશ અંબાણી ઈંગલિશ પ્રીમિયર લીગની ટોચની ક્લબ લિવરપૂલ ખરીદવા મેદાનમાં ઉતર્યા છે. ક્લબના હાલના માલિક ફેનવે સ્પોર્ટસ ગ્રુપે તેને વેચવાનું એલાન કરી દીધું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે હ્જીર ૪ બિલિયન પાઉન્ડમાં ક્લબને વેચવા તૈયાર છે. લગભગ ૯૦ બિલિયન પાઉન્ડની નેટવર્થ સાથે ફોર્બ્સ દ્વારા અંબાણીને વિશ્વના આઠમા સૌથી ધનિક વ્યક્તિ તરીકે નામ આપવામાં આવ્યું હતું. તેમણે ક્લબ ખરીદવામાં રસ દાખવ્યો છે. હ્જીર જેણે ૨૦૧૦માં લિવરપૂલની કમાન સંભાળી હતી તેણે આ અઠવાડિયાની શરૂઆતમાં એવું કહીને ફૂટબોલ વિશ્વને સ્તબ્ધ કરી દીધું હતું કે તે ક્લબને વેચવા માટે તૈયાર છે.

અગાઉ વર્ષ ૨૧૦માં જ્યારે આ ક્લબનું વેચાણ થયું હતું ત્યારે પણ અંબાણીનું નામ વહેતું થયેલું પણ એ સમયે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિકે અધિકૃત રીતે આ સમાચારોનું ખંડન કર્યું હતું.

## આમ આદમી પાર્ટી ભાજપ વિરુદ્ધ ગઠબંધનમાં સામેલ નહીં થાય મુખ્યમંત્રી કેજરીવાલ

નવીદિલ્હી,તા.૧૩

વર્ષ ૨૦૨૪માં ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ વિપક્ષને એકજૂથ કરવામાં લાગેલા નીતિશ કુમાર, મમતા બેનર્જીથી લઈને કે. ચંદ્રશેખર રાવ સુધીને દિલ્હીના મુખ્યમંત્રી અને ૨ રાજ્યોમાં સરકાર ચલાવી રહેલી આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે મોટો ઝટકો આપ્યો છે. અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં આયોજિત એક અખબારના કાર્યક્રમમાં ન માત્ર એ સ્પષ્ટ કરી દીધું કે, તેઓ ભાજપ વિરુદ્ધ ગઠબંધનમાં સામેલ નહીં થાય, પરંતુ એ વિચાર પર જ સવાલ ઊભા કરી દીધા. તેમણે એમ પણ કહ્યું કે, આ ફોર્મ્યૂલા કામ કરવાનો નથી.દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વિપક્ષી એકતાને લઈને પૂછ્યું કે, તેનું લક્ષ્ય સાથે મળીને હરાવવાનું છે, પરંતુ તેમણે ભાજપને હરાવવાનો ઠેકો કઈ રીતે લીધો? આ કામ તો જનતાનું છે. આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે, ‘લોકો વિપક્ષી એકતા ઈચ્છતા નથી, લોકો આશા રાખે છે. વિપક્ષી એકતાનો શું અર્થ છે? બધા વિપક્ષ મળીને આવો ભાજપને હરાવીએ છીએ, એ જ તો છે. ભાજપને હરાવવાનો ઠેકો કઈ રીતે લઈ લીધો? આપણે તો લોકતંત્રમાં રહી છીએ. ભાજપને હરાવવાનો ઠેકો તે (જનતા) લેશે, ભાજપને હરાવવી હશે તો હરાવી દેશે.અરવિંદ કેજરીવાલે ઈશારાઓમાં કહ્યું કે, વિપક્ષી પાર્ટીઓ માત્ર ભાજપને હરાવવાની વાત કરી રહી છે, દેશ સામે એજન્ડા રાખી રહી નથી, તે રોડ મેપ બતાવી રહી નથી કે કઈ રીતે લોકોની જિંદગી બદલાશે. તમારે જનતાને જઈને એ બતાવવાનું છે કે અમને વોટ આપો, અમે તમારી જિંદગી આ પ્રકારે બદલી દઈશું. તમારે તેમને આશા આપવી જોઈએ. દેશને એજન્ડા, દેશને એક રોડમેપ આપવો જોઈએ કે અમે ૫ વર્ષ વર્ષમાં તમારી જિંદગી અને દેશને લઈ રીતે આગળ લઈ જઈશું.જે દિવસે દેશને એજન્ડા પસંદ આવી ગયો તે ભાજપને પોતે હરાવી દેશે. ભાજપને હરાવવાની જવાબદારી તેમના પર છોડી દો. આ જે છે કે બધા મળીને ચાલો ભાજપને હરાવીએ. મને લાગે છે કે તે કામ કરતું નથી. હું નવો છું, રાજનીતિમાં થઈ શકે કે મને સમજ ન હોય. દિલ્હી અને પંજાબમાં સત્તા હાંસલ કર્યા બાદ ગુજરાત અને હિમાચલમાં પણ વિસ્તાર યોજના પર કામ કરી રહેલી આમ આદમી પાર્ટીએ પોતાના સંયોજક અરવિંદ કેજરીવાલને પહેલા જ વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરી દીધા છે.

આમ આદમી પાર્ટી કહી ચૂકી છે કે, વર્ષ ૨૦૨૪માં મોદી વર્સિસ કેજરીવાલ થવા જઈ રહ્યું છે. કેજરીવાલ જ મોદીનો વિકલ્પ બની શકે છે. જો કે, પોતે અરવિંદ કેજરીવાલે આ મુદ્દા પર સ્પષ્ટ કહ્યું નહોતું. જો કે, હવે જે પ્રકારે તેમણે વિપક્ષી એકતાના વિચાર પર સવાલ ઉઠાવ્યા છે તેને વર્ષ ૨૦૨૪ના ચૂંટણી દંગલમાં એકલા ઉતરવાની જાહેરાત તરીકે જોવામાં આવી રહ્યું છે. તે નીતિશ કુમાર, મમતા બેનર્જી અને કેસીઆર જેવા નેતાઓ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે, જે ભાજપ વિરુદ્ધ વિપક્ષને એકજૂથ કરવા માગે છે. જો કે ભાજપ આ બધાને વડાપ્રધાન પદ માટે મહત્ત્વકાંક્ષી બતાવતા તેમની એકજૂથતા પર સવાલ ઉઠાવતી રહી છે.

## રાષ્ટ્રપતિ પરના નિવેદનને લઈ મમતા બેનર્જીનું ડેમેજ કંટ્રોલ, બિરસા મુંડાની જન્મજયંતિ પર બેલપહાડી જશે

કોલકતા,તા.૧૩

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના જેલ મંત્રી અખિલ ગિરી દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વિશે આપેલા વિવાદાસ્પદ નિવેદન બાદ તૃણમૂલ કોંગ્રેસે આદિવાસીઓને આકર્ષવા માટે કવાયત શરૂ કરી છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી ફરી એકવાર જંગલમહેલના પ્રવાસે જઈ રહ્યા છે. તે આવતા મંગળવારે એટલે કે ૧૫ નવેમ્બરના રોજ બિરસા મુંડાના જન્મદિવસે ઝારગ્રામના બેલપહાડીના સાહરીમાં જઈ રહી છે. મુખ્યમંત્રીની જિલ્લા મુલાકાતને લઈને જોરશોરથી ગતિવિધિઓ શરૂ થઈ ગઈ છે.મમતા બેનર્જી આ અઠવાડિયે રાસ ઉત્સવ દરમિયાન નાદિયાની મુલાકાતે આવ્યા હતા. વહીવટી બેઠક ઉપરાંત તેમણે ત્યાં જાહેર સભા પણ યોજી હતી. નાદિયા જિલ્લાના પ્રવાસ બાદ આવતા અઠવાડિયે તે ઝારગ્રામ જઈ રહી છે. જણાવી દઈએ કે રાષ્ટ્રપતિ પર અખિલ ગિરીના નિવેદન બાદ ભાજપ સતત્ સ્ઞ્ઝ પર પ્રહારો કરી રહી છે અને મમતા બેનર્જીને આદિવાસી વિરોધી ગણાવી રહી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, બેલપહાડી નજીક કુચલાપહાડી ફૂટબોલ ગ્રાઉન્ડમાં એક વિશાળ પંડાલ બનાવવામાં આવી રહ્યો છે, જેની બાજુમાં હેલિપેડ છે. બપોરે લગભગ ૨ વાગ્યે ત્યાં મુખ્યમંત્રીની બેઠક મળશે. શનિવારે, પાર્ટી નેતૃત્વએ વહીવટી અધિકારીઓ અને સીએમની સુરક્ષા માટે તૈનાત સુરક્ષા કર્મચારીઓ સાથે વિસ્તારની મુલાકાત લીધી હતી. પંચાયત ચૂંટણી પહેલા માઓવાદીઓનો ગઢ કહેવાતા બેલપહારીમાં મુખ્યમંત્રીની બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ હોવાનું રાજકીય નિષ્ણાતો માની રહ્યા છે.

## ભારત રશિયા પાસેથી ઈચ્છે તેટલું તેલ ખરીદી શકે છેઃ અમેરિકી નાણામંત્રી

યુક્રેનના આક્રમણ બાદ રશિયાના તેલની નિકાસ પર પ્રતિબંધો લાગુ છે, જો કે ભારતને તેની કોઈ અસર થઈ નથી. દરમિયાનમાં, ભારતની મુલાકાતે આવેલા અમેરિકી નાણામંત્રી જેનેટ યેલેને સ્પષ્ટ કર્યું છે કે ભારત રશિયા પાસેથી જેટલું ઈચ્છે તેટલું તેલ ખરીદી શકે છે. પ્રાઈસ કેપથી ઉપર, તે રશિયન તેલ ખરીદી શકે છે.

યેલેને કહ્યું હતું કે જો ભારત અને અન્ય દેશો રશિયા સાથે સોદાબાજીનો ફાયદો ઉઠાવે તો અમેરિકા ખુશ થશે. ચીન સિવાય ભારત રશિયાનો સૌથી મોટો તેલ ગ્રાહક છે. ય્-૭ દેશો ૫ ડિસેમ્બરથી રશિયન તેલની મહત્તમ કિંમત નક્કી કરવા જઈ રહ્યા છે. જો કે તેની અંતિમ વિગતો આવવાની બાકી છે. યેલેને વધુમાં કહ્યું હતું કે રશિયા તેલના ભાવની વાટાઘાટ કરી રહ્યું છે અને અમે ખુશ છીએ કે ભારત, આફ્રિકા કે ચીન સોદાબાજી દ્વારા રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યા છે. યેલેને શુક્રવારે કહ્યું હતું કે ભારત રશિયા પાસેથી જેટલું ઈચ્છે તેટલું તેલ ખરીદી શકે છે. તે ય્-૭ની પ્રાઈસ કેપ કરતાં પણ વધુ ભાવે તેલ ખરીદી શકે છે. પ્રાઈસ કેપથી વિશ્વમાં તેલના ભાવમાં ઘટાડો થશે, જ્યારે રશિયાની આવકમાં પણ ઘટાડો થશે. યેલેને સ્પષ્ટ કર્યું હતું કે જો ભારત વીમા અને અન્ય પશ્ચિમી નાણાકીય સેવાઓનો ઉપયોગ કરવા ઈચ્છે છે તો તેણે પ્રાઈસ કેપનું પાલન કરવું પડશે. આનાથી તેને વિશ્વ બજારમાં ડિસ્કાઉન્ટ મેળવવાની તક ઉપલબ્ધ થશે. અમે આશા રાખીએ છીએ કે ભારતને પ્રાઈસ કેપનો લાભ મળશે. અગાઉ જયશંકરે રશિયા પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રખાશે તેમ કહ્યું હતું

અમેરિકાના નાણા મંત્રી યેલેનની આ ટિપ્પણી ભારતીય વિદેશમંત્રી જયશંકરના નિવેદન બાદ આવી છે. જયશંકરે ગયા અઠવાડિયે કહ્યું હતું કે તેમનો દેશ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું ચાલુ રાખશે કારણ કે તેનાથી ભારતને ફાયદો થાય છે. જો કે નાણા અને ઉર્જા મંત્રાલયોએ હજુ સુધી યેલેનના નિવેદન પર કોઈ ટિપ્પણી કરી નથી, અન્ય અધિકારીઓએ કહ્યું હતું કે તેઓ પ્રાઈસ કેપ વિશે સાવચેત છે. ભારત પ્રાઈસ કેપને અનુસરશે તેવું લાગતું નથી. અમે અન્ય દેશોને પણ જણાવી દીધું છે.

## તંત્રી સ્થાનેથી...

# આઘાતજનક ચુકાદો

જનમટીપની સજા કાપી રહેલા રાજીવ ગાંધી હત્યાકાંડના દોષીતોને સમય પહેલાં છોડી મૂકવાનો સુપ્રીમ કોર્ટનો નિર્ણય બેહદ આઘાતજનક કહી શકાય. આ ચુકાદો જઘન્ય હત્યાકાંડના દોષીતો અને તેમના સમર્થકોની સાથે ક્ષેત્રવાદની સસ્તી રાજનીતિ કરનારાઓનું દુસ્સાહસ જ વધારશે. આ ચુકાદાની વ્યાપક ટીકા થઈ રહી છે તો એટલા માટે કે આ ચુકાદો જ એને લાયક છે. રાજીવ ગાંધી ફક્ત કોંગ્રેસના નેતા જ ન હતા, તેઓ એક સંપ્રભુ દેશના પૂર્વ વડાપ્રધાન પણ હતા. તથ્ય એ પણ છે કે તેમની સાથે ૧૪ અન્ય લોકો પણ માર્યા ગયા હતા. મદ્રાસ હાઈકોર્ટના ચુકાદા અને કેન્દ્ર સરકારના મંતવ્યથી વિરુદ્ધ જઈને સુપ્રીમ કોર્ટે એક ખરાબ ઉદાહરણ રજૂ કર્યું છે. તેનાથી એક ખોટી પરંપરા સ્થાપિત થવાની આશંકા છે. સમજવું મુશ્કેલ છે કે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી સહિત ૧૪ અન્ય લોકોની હત્યામાં સામેલ લોકો પર દયા રાખીને સુપ્રીમ કોર્ટે સમાજને શો સંદેશ આપવાની કોશિશ કરી છે? નિશ્ચિત રૂપે આ કોઈપણ રીતે એવો કિસ્સો નથી, જેમાં સુપ્રીમ કોર્ટે પોતાના વિશેષાધિકારનો ઉપયોગ કરવાની જરૂર પડે. સુપ્રીમ કોર્ટની એ દલીલમાં પણ કોઈ દમ નથી જણાતો કે રાજીવ ગાંધી હત્યાકાંડમાં સજા કાપી રહેલા દોષીતોની ચાલચલગત સારી હતી અને જેલમાં રહીને તેમણે ભણીને ડિગ્રીઓ પણ મેળવી હતી. શું આ બધાં કારણોથી કોઈને પણ સમય પહેલાં છોડી મૂકવાના, ભલે તેઓ ગમે તેટલા સંગીન અપરાધમાં સંડોવાયેલા રહ્યા હોય? આ પ્રકારના દોષીતો પર દયા દેખાડવી એક રીતે ન્યાયનો ઉપહાસ ઉડાવવા સમાન છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદા પર કોંગ્રેસનો વાંધો સર્વથા યોગ્ય છે, પરંતુ આખરે શું કારણ રહ્યું કે એક સમયે સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીએ રાજીવ ગાંધીના હત્યારાઓ પ્રત્યે ન માત્ર સહાનુભૂતિ વ્યક્ત કરી હતી, પરંતુ તેમને માફ કરી દેવાની વાત પણ કરી હતી? પ્રિયંકા ગાંધી તો એક દોષીતને જઈને જેલમાં મળી પણ આવ્યાં હતાં. આખરે આ બધાની શું જરૂર હતી? પ્રશ્ન એ પણ છે કે કોંગ્રેસ તમિલનાડુમાં પોતાના સહયોગી પક્ષ દ્રમુકને તેના માટે કેમ રાજી ન કરી શકી કે તે રાજીવ ગાંધી હત્યાકાંડના દોષીતોના છૂટકારાની તરફદારી કરવાનું બંધ કરે? દ્રમુક સુપ્રીમ કોર્ટના ચુકાદા પર જે રીતે રાજીની રેડ થઈ રહી છે, તેનાથી ન માત્ર દોષીતોનું મહિમામંડન થઈ રહ્યું છે, બલ્કે એની પણ આશંકા પેદા થઈ છે કે અન્ય જઘન્ય કાંડોમાં દોષીત ઠેરવાયેલા લોકોના છૂટકારાની માંગો ઊઠી શકે છે. એની અવગણના ન કરી શકાય કે પંજાબના પૂર્વ મુખ્યમંત્રી બિયંત સિંહના હત્યારાની ફાંસીની સજાને જનમટીપમાં બદલવાની માંગ ઊઠતી રહે છે. એ પણ કોઈથી છૂપું નથી કે સંકીર્ણ ક્ષેત્રવાદને કારણે આ પ્રકારની માંગોને કેટલાક પ્રાદેશિક પક્ષો પોતાનું સમર્થન આપવા માટે આગળ આવી જાય છે.

# પાકિસ્તાનનો સુકાની બાબર આઝમ લગ્ન કરશે? યુવતી પસંદ કરી લીધી!

મુંબઈ,તા.૧૩

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨ માં ઘણા ક્રિકેટરો પોતાની ગર્લફ્રેન્ડ અને પત્નીઓ સાથે ઓસ્ટ્રેલિયા પહોંચ્યા હતા. ટીમોના કેપ્ટનની વાત કરીએ તો લગભગ દરેક ટીમના કેપ્ટન પરિણીત દેખાયા હતા. પાકિસ્તાનના બાબર આઝમ સિવાય. પરંતુ, લાંબા સમય સુધી આવું નહીં ચાલે કારણ કે પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમે પોતાના લગ્ન માટે યોગ્ય પાત્ર શોધી લીધુ છે. તેણે આ માટે મનસપસંદ યુવતીની પસદંગી કરી લીધી છે. હવે તમે વિચારતા જ હશો કે મધ્ય આઈસીસી ટૂર્નામેન્ટમાં આવું ક્યારે બન્યું? તો, આ આજના દિવસોની વાત નથી, પરંતુ એ દિવસોની વાત છે, જેનાથી પાકિસ્તાન ક્રિકેટ ટીમના દરેક ખેલાડી સારી રીતે વાકેફ છે.

તો શું બાબર આઝમ ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨ પછી લગ્ન કરવા જઈ રહ્યો છે? તે શક્ય બની શકે છે. તે એટલા માટે કારણ કે તેણે ગયા વર્ષથી છોકરીને લગ્ન માટે પસંદ કરી છે. અને, પાકિસ્તાની મીડિયાના અહેવાલો અનુસાર, બાબર આઝમ આ વર્ષે લગ્ન કરી શકે છે. હવે જો આમ થશે તો ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨ પછી લગ્નનો કાર્યક્રમ યોજાઈ શકે છે.

જો કે, મોટો પ્રશ્ન એ છે કે યુવતી કોણ છે? વિશ્વ ક્રિકેટ પર છાપ છોડનાર બાબરના દિલ પર પોતાની છાપ છોડનાર કોણ છે. તો જણાવી દઈએ કે તે બાબર આઝમની ગર્લફ્રેન્ડ નથી પરંતુ પરિવારની સંમતિથી તે તેની પસંદની પસંદ કરેલી યુવતી છે. બાબર આઝમ તેની સાથે લગ્ન કરશે. તે છોકરીનું નામ નાદિયા છે. તે બાબર આઝમની પિતરાઈ બહેન છે અને તેમની સગાઈ ગયા વર્ષે જ થઈ હતી.

બાબર અને નાદિયાના લગ્નની તારીખ હજુ નક્કી નથી. પરંતુ, અહેવાલો અનુસાર, તેઓ આ વર્ષે લગ્ન કરવાના છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પરિવારની સહમતિથી આ લગ્ન એક નાનકડા ફેમિલી ફંક્શનમાં થશે. આ સિવાય હાલમાં તેના લગ્ન વિશે અન્ય કોઈ અપડેટ નથી.

અહેવાલો અનુસાર, દરેક પાકિસ્તાની ક્રિકેટર પણ બાબર આઝમના અંગત જીવનમાં થયેલા આ વિકાસથી વાકેફ છે. જ્યારે ટેસ્ટ ટીમના સાથી અઝહર અલીને એકવાર બાબર આઝમને સલાહ આપવાનું કહેવામાં આવ્યું ત્યારે તેણે લગ્ન કરવાનો વિચાર આપ્યો.

# અમેરિકાનું માનવરહિત સ્પેસ પ્લેન પૃથ્વી પર પરત ફર્યું, ભ્રમણકક્ષામાં વિક્રમી ૯૦૮ દિવસ વિતાવ્યા

માનવરહિત યુએસ મિલિટરી સ્પેસ પ્લેન શનિવારે તેનું છઠ્ઠું મિશન પૂરું કરીને પૃથ્વી પર પાછું ફર્યું. આ વિમાને તેની ભ્રમણકક્ષામાં રેકોર્ડ ૯૦૮ દિવસ પસાર કર્યા. આ વિમાન વિજ્ઞાનના પ્રયોગ માટે આટલા દિવસો સુધી અવકાશની કક્ષામાં હતું. તેનું અગાઉનું મિશન ૭૮૦ દિવસ સુધી ચાલ્યું હતું. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો. બોઈંગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને એરક્રાફ્ટના ડેવલપર જિમ ચિલ્ટને જણાવ્યું હતું કે ઠ-૩૭એ ૨૦૧૦માં તેના પ્રથમ લોન્ચ બાદ અનેક રેકોર્ડ તોડ્યા છે. આનાથી આપણા દેશને નવી અવકાશ તકનીકોનું ઝડપથી પરીક્ષણ અને સંકલન કરવાની અજોડ ક્ષમતા મળી છે. આ પ્રથમ વખત છે જ્યારે સ્પેસ પ્લેન સર્વિસ મોડ્યુલ તરીકે કામ કરે છે.

સુરક્ષિત ઉતરાણ સુનિશ્ચિત કરવા માટે ભ્રમણકક્ષામાંથી બહાર આવતા પહેલા જ મોડ્યુલને વાહનમાંથી અલગ કરવામાં આવ્યું હતું. આ અવકાશ વિમાને નેવલ રિસર્ચ લેબોરેટરી, યુએસ એરફોર્સ એકેડમી અને અન્ય લોકો માટે પ્રયોગો કર્યા હતા. પ્રયોગોમાં ફાલ્કનસેટ-૮ નામનો ઉપગ્રહ હતો, જે યુએસ એર ફોર્સ રિસર્ચ લેબોરેટરી સાથે ભાગીદારીમાં એકેડેમી કેડેટ્સ દ્વારા ડિઝાઈન અને બનાવવામાં આવ્યો હતો. તે ઓક્ટોબર ૨૦૨૧ માં તૈનાત કરવામાં આવ્યું હતું.

# ઉદયપુર-અમદાવાદ રેલવે ટ્રેક પર બ્લાસ્ટ, ૧૩ દિવસ પહેલા PM મોદીએ ઉદ્ઘાટન કર્યું હતુ



ઉદયપુર,તા.૧૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૧૩ દિવસ પહેલા શરૂ થયેલ ઉદયપુર-અમદાવાદ રેલવે લાઈન પર શનિવારે રાત્રે બ્લાસ્ટ થતા ડરનો માહોલ બની ગયો હતો. પ્રથમ દ્રષ્ટિએ રેલવે ટ્રેકને ઉખાડવાના પ્રયાસમાં બ્લાસ્ટ કરવામાં આવ્યો છે અને ઘટનાસ્થળેથી દારૂગોળો મળી આવ્યો છે. હકીકતમાં ઘટનાસ્થળ આસપાસ માઈનિંગ એરિયા પણ છે. પોલીસ અને રેલવે અધિકારીઓએ તપાસ શરૂ કરી દીધી છે. ઘટનાસ્થળના બંને તરફ ટ્રેનની અવરજવર બંધ છે.

સ્થાનીક ગ્રામીણોની સજાગતાથી આ નવા રૂટ પર મોટી દુર્ઘટના ટળી ગઈ છે. સૂત્રો પ્રમાણે ઘટના શનિવારે મોડી રાત્રે સલૂમ્બર માર્ગ પર કેવડેની નાલમાં ઓઢા રેલવે પુલની છે. અહીં પાછલી રાત્રે ૧૦ કલાકે ગ્રામીણોને આસપાસ ધમાકાનો અવાજ સાંભળવા મળ્યો હતો. ત્યારબાદ કેટલાક યુવા તત્કાલ પાટા પાસે પહોંચ્યા હતા. ત્યાંની સ્થિતિ જોઈને ચોંકી ગયા હતા. તેમણે જણાવ્યું કે રેલવે લાઈન પર વિસ્ફોટક હતો. એમ લાગી રહ્યું હતું કે રેલવે પુલને ઉડાવવાનું ષડયંત્ર રચવામાં આવ્યું હોય.

પાટા ઘણી જગ્યાએથી તૂટી ચુક્યા છે. પુલ પર લાઈનથી નટ-બોલ્ટ પણ ગાયબ મળ્યા હતા. ટ્રેક પર લોખંડ ઉખડેલું જોવા મળ્યું હતું. ઉદયપુર પોલીસ અધીક્ષક વિકા શર્માએ આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું કે એફએસએલ ટીમ સ્થળ પર છે. તપાસ બાદ સ્થિતિ સામે આવશે. રેલવે અજમેર મંડળના જનસંપર્ક અધિકારી અશોક ચૌહાણે જણાવ્યું કે ઘટના થઈ છે, તપાસ ચાલી રહી છે. ઘટનાસ્થળની બંને તરફ ટ્રેનની અવરજવર રોકી દેવામાં આવી છે.

ચૌહાણે જણાવ્યું કે રેલવે દ્વારા લાઈનને ઠીક કરવાનું કામ ચાલી રહ્યું છે. હાલ અમદાવાદ અસારવા ટ્રેન ડુંગરપુરથી અસારવા સુધી સંચાલિત થશે. ઉદયપુર-અસારવા ટ્રેન દરરોજ સાંજે ૫ કલાકે રવાના થાય છે. જે રાત્રે ૧૧ કલાકે આસરવા પહોંચે છે. આ રીતે અસારવા-ઉદયપુર દરરોજ સવારે ૬.૩૦ કલાકે રવાના થઈને બપોરે ૧૨.૩૦ કલાકે ઉદયપુર સિટી સ્ટેશન પહોંચે છે.

# પંજાબ યુનિવર્સિટી કેન્દ્ર સરકારને નહીં સોંપીએ-પંજાબ સરકાર

ચંડીગઢ,તા.૧૩

હાલ દિલ્હીમાં વધી રહેલા પ્રદુષણને લઈને કેન્દ્ર સરકાર અને પંજાબ સરકાર આમને સામને છે. કેન્દ્ર સરકાર પદુષણ માટે પંજાબના ખેડૂતોને જવાબદાર માની રહી છે તો બીજી તરફ પંજાબ સરકાર આરોપ લગાવી રહી છે કે કેન્દ્ર સરકાર પંજાબના ખેડૂતોને બદનામ કરી રહી છે. હ્વદ્બક્રદ્બ હૈદ્બીજૈંઅ આ મુદ્દે વાત કરતા પંજાબના મંત્રી ગુરમીત સિંહ મીત હેયરે કહ્યું કે, પંજાબમાં વાર્ષિક ૨૦૦ લાખ ટન પરાળી નીકળે છે. આનો નિકાલ સરળ નથી. સરકારે પરાળી મેનેજમેન્ટ પ્લાન્ટ સ્થાપ્યો છે અને ખેડૂતોને પ્રતિ એકર ૫૦૦ રૂપિયા પણ આપી રહી છે. એપ દ્વારા ખેડૂતોને મશીનો પણ આપવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત, અમે પંજાબ યુનિવર્સિટીને ૬૦% હિસ્સો આપવા તૈયાર છીએ પરંતુ તેને કોઈપણ સંજોગોમાં કેન્દ્ર સરકારને સોંપીશું નહીં. તેમણે આગળ કહ્યું કે, પંજાબમાં આ પહેલા ક્યારેય આવી સરકાર બની નથી, જેના મંત્રીઓ પહેલા છ મહિનામાં મેદાનમાં ગયા હોય અને લોકોને મળ્યા હોય અને તેમની વાત સાંભળી હોય. અમારી સરકાર આવતા જ કામ કરવા લાગી છે. અમારા મંત્રીઓ લોકો વચ્ચે જઈ તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવી રહ્યા છે. સ્થળ પર જ અનેક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.

અમારી સરકારે ૧૮૩ સેવાઓ ઓનલાઈન કરી છે, જેથી લોકોને વારંવાર ઓફિસોમાં જવું ન પડે. વિવિધ પ્રમાણપત્રો વોટ્સએપ પર ઉપલબ્ધ થઈ જશે.

તેઓએ આગળ કહ્યું કે, અગાઉની સરકારોમાં શિક્ષકો ૧૮-૧૮ વર્ષથી કામ કરતા હતા, તેઓને અમારી સરકારે કાયમી કર્યા છે. સરકાર રાજ્યમાં ૨૬૦૦ કરોડનું રોકાણ લાવવામાં સફળ રહી છે, જેનાથી રોજગારીની તકો વધશે. અહીં તેઓએ કહ્યું કે, પંજાબ યુનિવર્સિટી પંજાબની વિરાસત છે, જે પંજાબના ગામડાઓને બરબાદ કરીને બનાવવામાં આવી છે. યુનિવર્સિટી શરૂ કરવામાં આવી ત્યારે તેમાં પંજાબ, હરિયાણા, હિમાચલ અને ચંદીગઢના શેર હતા. બાદમાં હરિયાણા અને હિમાચલ તેમાંથી બહાર નીકળી ગયા. પંજાબ ૬૦% હિસ્સો આપવા તૈયાર છે. પરંતુ અમે તેને કોઈપણ સંજોગોમાં કેન્દ્રને સોંપીશું નહીં.

# ધનખડ કંબોડિયા પહોંચ્યા,આસિયાન દેશોએ લીધો સંકલ્પ, કહ્યું- આતંકવાદ સામે એકજૂટ છે





નવીદિલ્હી,તા.૧૩

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કંબોડિયાની મુલાકાતના છેલ્લા દિવસે રવિવારે અહીં પૂર્વ એશિયા સમિટને સંબોધિત કરી હતી. વિદેશ મંત્રાલયના એક અધિકારીએ કહ્યું કે ઉપરાષ્ટ્રપતિનું સંબોધન એક સત્ર હતું જેમાં ફક્ત તેના સભ્યોને જ ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી હતી. ધનખર ત્રણ દિવસની મુલાકાતે કંબોડિયામાં છે. આ વર્ષે એશિયા-ભારત સંબંધોની ૩૦મી વર્ષગાંઠ છે અને તેને એશિયા-ભારત મિત્રતા વર્ષ તરીકે મનાવવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

દક્ષિણપૂર્વ એશિયાઈ રાષ્ટ્રોના સંગઠનએ બ્રુનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામ સહિત દક્ષિણપૂર્વ એશિયાના ૧૦ સભ્ય દેશો સાથેનું આંતરરાષ્ટ્રીય સંગઠન છે. ઉપરાષ્ટ્રપતિ ધનખરે શનિવારે અહીં ૧૯મી આસિયાન-ભારત સમિટને સંબોધિત કર્યા પછી ભારત અને આસિયાન દેશોએ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી બનાવવા અને આતંકવાદ સામે સહયોગ વધારવાનો સંકલ્પ કર્યો.

જયશંકર ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે મુલાકાતે છે, જેઓ અહીં આસિયાન-ભારત સમિટ અને ૧૭મી પૂર્વ એશિયા સમિટમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. આસિયાન સભ્ય દેશો ઉપરાંત પૂર્વ એશિયા સમિટમાં ભારત, ચીન, જાપાન, રિપબ્લિક ઓફ કોરિયા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુએસ અને રશિયા સામેલ છે.

ધનખડે શનિવારે જાહેર આરોગ્ય, પુનઃપ્રાપ્ય ઉર્જા અને અદ્યતન કૃષિના ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે એશિયા-ભારત વિજ્ઞાન અને ટેકનોલોજી ફંડમાં યુએસડી ૫ મિલિયનના વધારાના યોગદાનની જાહેરાત કરી હતી. એક સંયુક્ત નિવેદનમાં, એશિયા-ભારતે છેલ્લા ૩૦ વર્ષોમાં મજબૂત બનેલા અને એશિયા-ભારત સંબંધો માટે મજબૂત પાયો બનેલા ઊંડા સભ્યતા સંબંધો, દરિયાઈ જોડાણ અને સાંસ્કૃતિક સંબંધોની પ્રશંસા કરી.

ભારત અને એશિયન દેશોએ એક સંયુક્ત નિવેદનમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ડિજિટલ વેપાર, ડિજિટલ કૌશલ્ય અને નવીનતામાં વિવિધ પ્રાદેશિક કૌશલ્ય નિર્માણ પ્રવૃત્તિઓ દ્વારા ડિજિટલ અર્થવ્યવસ્થામાં સહયોગ વધારવાની જાહેરાત કરી હતી.

# પંજાબમાં થનાર જી ૨૦ સંમેલનને લઈ તડામાર તૈયારીઓ શરૂ, કરોડોના વિકાસકાર્યોને મંજુરી આપી

અમૃતસર,તા,૧૩

પંજાબના અમૃતસરમાં આગામી વર્ષે યોજાનારી ય-૨૦ સમિટની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. મેયર કર્મજીતસિંહ રિન્ટુની અધ્યક્ષતામાં આજે મહાનગરપાલિકાની ફાયનાન્સ એન્ડ કોન્ટ્રાક્ટ કમિટીની બેઠક યોજાવાની છે. આ બેઠકમાં કરોડો રૂપિયાના વિકાસ કામોને મંજુરી આપવામાં આવશે. આ ઉપરાંત અનેક પ્રકારની નવી મશીનરી ખરીદવાની કામગીરીને મંજૂરી આપવામાં આવશે.

જી-૨૦ કોન્ફરન્સ માટે વિકાસ કાર્ય અને મશીનરીની ખરીદીને મંજૂરી આપવાની તૈયારીઓ ચાલી રહી છે. શહેરની સફાઈ માટે કરોડો રૂપિયાની મશીનરી, સ્માર્ટ ટ્વીન ડસ્ટબિન, રખડતા પ્રાણીઓને હેન્ડલ કરવા અને કૂતરાઓની નસબંધી માટે મોટા સેન્ટરનું નિર્માણ, સુપર સકર મશીન વડે શહેરની ગટરને ડિસિલ્ટિંગ, શહેરમાં વધુ એલઈડી સ્ટ્રીટ લાઈટો લગાવવા, હાઈડ્રોલિક મંજુરી આપવામાં આવશે. લિફ્ટ માઉન્ટેન મશીન, નાની ચામડાની લિફ્ટ માઉન્ટેન જીપની ખરીદી માટે આપવામાં આવશે.

આ સાથે આગામી દિવસોમાં શહેરમાં શરૂ થનાર મુખ્ય પ્રોજેક્ટ જેમાં શહીદા સાહિબ ગુરુદ્વારા સાથેનો સ્કાયવોક પ્રોજેક્ટ, કેરો માર્કેટમાં આધુનિક વાહન પાર્કિંગ સ્ટેન્ડનું નિર્માણ સહિતની બાબતોની માહિતી માટે રજૂઆત કરવામાં આવી છે. શહેરના વોર્ડના વિકાસના કામો પણ મંજૂર થવાના છે. નિષ્ણાતોનું માનવું છે કે ય૨૦ સમિટની બેઠકો અમૃતસરમાં બે દિવસ યોજાશે તો પણ અમૃતસરને તેના માટે ૧૦૦ કરોડ રૂપિયા મળી રહ્યા છે. જેનો ફાયદો અંતે સીધો શહેરના રહીશોને થવાનો છે.

## જીવનની સફર

આમ તેમ અટકળો સાથે
જીવનમાં ફરું છું..
બોલી નથી શકાતું બધું
એટલે શબ્દોમાં સરૂ છું..
કોઈ કહે મારું તમારું શું
આપણું છે તેમાં અટવાવ છું...
નથી જોઈતું કાંઈ
જિંદગીમાં છતાં માણસો સાથે
ભટકાવ છું..
પ્રેમ,લાગણીઓને મેં ઘણી
પાથરી સંબંધોમાં..
છતાં પણ સુખ અને
શાંતિની આશામાં રહું છું...
બધું સમજવા છતાં ભૂલો
કરું છું...
આખરે તો માણસ છું એ
પણ હું સમજુ છું..
જીવન છૂટી જાય એ



પહેલા જીવવા માગું છું..
એટલે જ તો દરેક
દિવસોને ઉત્સવ માનુ છું..
સમયની સાથે મેં
સમજણને બાંધી છે જીવનને
આનંદ સાથે ઉજવુ છું..
ઈશ્વરના એક ભરોસા
સાથે જીંદગીને વિતાવુ છું..
-ઉષા પંડ્યા (રાજકોટ)

# તાલિબાનના જુલમથી પીડિત અફઘાન લોકો: ગરીબીને કારણે બાળકો વેચવા મજબૂર, મદદ ન મળી

કાબુલ,તા.૧૩

તાલિબાનના કબજા પછી, અફઘાનિસ્તાનમાં લોકો વધુ ખરાબ અને ખરાબ જીવન જીવવા માટે મજબૂર છે. તેમની પાસે ન તો ખાવાના પૈસા છે, ન તો એક કલાકના ટૂકડાનો કોઈ સ્ત્રોત છે. ગરીબી પણ ચરમસીમાએ પહોંચી છે. વાત એટલી હદે આવી ગઈ છે કે લોકો હવે પોતાના લીવરના ટુકડા પણ વેચવા મજબૂર બન્યા છે. ટોલો ન્યૂઝના અહેવાલ મુજબ અફઘાનિસ્તાનના બલ્ખ પ્રાંતમાં એક પરિવારે પોતાનું બાળક વેચવાનો પ્રયાસ કર્યો હતો. આ પરિવાર ગરીબીની ગંભીર સમસ્યા સામે ઝઝૂમી રહ્યો હતો, ન તો આવકનું કોઈ સાધન હતું કે ન તો જમવાની કોઈ જગ્યા. આવી સ્થિતિમાં તેમની પાસે પોતાનું બાળક વેચીને ગરીબી દૂર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો ન હતો.

જો કે, જ્યારે પ્રાંતના કેટલાક સ્થાનિક લોકોએ પરિવારને આ કરતા જોયો ત્યારે તેમનું હૃદય સ્તબ્ધ થઈ ગયું. જે બાદ તેણે મદદ માટે હાથ લંબાવ્યો હતો. લોકોએ આ નિઃસહાય પરિવારની આર્થિક સ્થિતિમાં સુધારો કરવા માટે ખોરાક સહિતની ઘણી જરૂરી મદદ કરી અને બે વર્ષના બાળકને વેચાતો બચાવ્યો. બલ્ખના ડેપ્યુટી ગવર્નર નૂરુલ હાદી અબુ ઈદ્રીસે કહ્યું, 'થોડા દિવસોથી અમે રેડ ક્રોસ સાથે એક બેઠકનું આયોજન કર્યું છે. અમે આ સંસ્થાઓના સભ્યોને કેવી રીતે મદદ કરી શકીએ તે વિશે માહિતગાર કરીશું'. ટોલો ન્યૂઝ અનુસાર, બાળકની માતાએ કહ્યું કે ગરીબી ઘણી વધારે હતી. આ જ કારણ હતું કે તેને બાળક વેચવાની ફરજ પડી હતી.

બાળકની માતા નસરીને પ્રાંતની વર્તમાન પરિસ્થિતિ અને ત્યાં રહેતા લોકોની દુર્દશા વિશે અધિકારીઓને જણાવ્યું. તેણે કહ્યું, 'હું ખરેખર મુશ્કેલ પરિસ્થિતિમાં છું. મારી પાસે ખાવા માટે કે બળતણ માટે કંઈ બચ્યું નથી. મેં શિયાળા માટે પણ કોઈ તૈયારી કરી નથી. તેથી મારે મારી પુત્રીને વેચવી પડી અને શિયાળા માટે જરૂરી વસ્તુઓ ભેગી કરવી પડી. નસરીને કહ્યું કે ન તો સરકાર કે માનવતાવાદી એજન્સીઓએ અમને મદદ કરી. નસરીને કહ્યું, 'હું ૨-૩ વખત અધિકારીઓ પાસે ગઈ અને મદદ કરનારાઓની યાદીમાં મારું નામ સામેલ કરવા વિનંતી કરી. તેઓએ મને ખાતરી આપી હતી કે મારું નામ મૂકવામાં આવ્યું છે અને મદદ ટૂંક સમયમાં પહોંચી જશે, પરંતુ હજુ સુધી મને કોઈ મદદ મળી નથી.

# રાજસ્થાનમાં પતિની સામે જ મહિલા પર સામૂહિક દુષ્કર્મ

સિરોહી,તા.૧૩

રાજસ્થાનના સિરોહી જિલ્લામાં ૪૫ વર્ષીય મહિલા પર તેના પતિની સામે ચાર શખ્સોએ કથિત રીતે સામૂહિક દુષ્કર્મ ગુજાર્યો હતો. આરોપ છે કે ચાર લોકો ચોરીના ઈરાદે ઘરમાં ઘુસ્યા હતા અને મહિલા સાથે ગેંગરેપ કર્યો હતો. પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના બુધવારે બની હતી.પરંતુ આઘાતના કારણે ગુરૂવારે દંપતી ઘરની બહાર નીકળી શક્યું ન હતું. દરમિયાનમાં દંપતીએ શુક્રવારે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં કાર્યવાહી કરતી વખતે પોલીસે શનિવારે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી અને ચોથા આરોપીની પણ શોધ ચાલી રહી છે.

પિંડવાડાના નાયબ પોલીસ અધિક્ષક જેઠ સિંઘે જણાવ્યું કે મહિલાનો પતિ ચોકીદાર તરીકે કામ કરે છે. બુધવારે રાત્રે બંને જ્યારે સૂવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે ચાર લોકો બળજબરીથી તેમના ઘરમાં ઘૂસી ગયા હતા અને તેમને બંધક બનાવ્યા હતા. અધિકારીના જણાવ્યા અનુસાર, 'તેઓએ પતિના કપડા ઉતરાવી દીધા હતા અને તેના ખિસ્સામાંથી ૧,૪૦૦ રૂપિયા પણ કાઢી લીધા હતા.



લાગણી સળવળે ને એ
યાદ આવે !
હૃદયને અણગમતી
ફરિયાદ આવે !
દૂર છે છતાંય કેમ સાદ
આવે ?
આંખે ખારા જળ બની
વિષાદ આવે !
મળીએ તો તારા-મારાનો
વિવાદ આવે !
સબંધે આ પરોજણનો વાદ
આવે !લુટાઈને પાછાફરી થૈ
બરબાદ આવે !
તોએ એમના નામનો જ
કેમ નાદ આવે ?
શૈલા તાજપરા - કેશોદ -
જૂનાગઢ





વર્ષામાં ભીંજાઈ દલડું કોરું
કરવું છે,
હેતપ્રિતની વિજથી
આંગણું ઉજળું કરવું છે.
વીજળીના ઝબકારે મુખડું
મારે જોવું છે,
અંધારી રાતે પૂનમ ચાંદને
કાળું ટીલું કરવું છે.
મન મોરલાના ટહુકા
દલડામાં ટાંકવા છે,
કળા કરેલ મોરલાને
તસતસતું ચૂંબન કરવું છે.
તારી મીઠડી યાદો
આંખોમાં આંજીને ફરું છું,
સન્મુખ નિરખતા દિલને
ખુશ ખુશાલ કરવું છે.
ચાર આંખોનો ચાકડો જે
દિવસે ચાલશે,
તેદી અઝીઝની ધડકનમાં
અનેરું કાર્ય કરવું છે.
ભાટી એન અઝીઝ
(રાજકોટ )

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*NOG SS NO. 0081*
વિષય : વીરતા પરમો ધર્મ
પ્રકાર? : ગદ્ય
શબ્દો: ૩૪૯
શીર્ષક: વીરતા એટલે!

વીરતા એટલે યુદ્ધ મોરચે લડવું એમ નથી થતો.સત્યને સાથ આપવો એ પણ વીરતા છે. વીરતા એટલે કોઈ સાથે લડવું નહીં પણ અન્યાય સામે અવાજ ઉઠાવવો.એ જ રીતે અંગત લાભ માટે ખોટાંનો સાથ આપી મોં છૂપાવવું એ નરી કાયરતા છે.

આ વિશે વાત કરતાં ઈતિહાસ પર નજર ફેરવતાં આપણાં દેશનાં કંઈ કેટલાય સપૂતોની વીરગાથા વાંચવાં મળશે જેમણે દેશ માટે,રાજ્ય માટે જાનની પરવા ન કરી.એમની એ વીરતા વંદનીય છે કારણકે એમણે એક ધર્મની જેમ પવિત્રતાથી એને અપનાવી. આવી જાંબાઝી ઉપરાંત અહિંસક રીતે પોતાની ફરજ બજાવતાં કેટલાંય સેવા ધર્મીઓ છે જેમણે સમાજના ઉત્થાન માટે જાત હોમી દીધી.દા.ત. મધર ટેરેસા, દશરથ માંઝી,પ્રો.આલ્બર્ટ સ્વાઈત્ઝર અને ઘણાં..

સ્વાતંત્ર્ય મેળવવા બ્રિટિશ સત્તા સાથે થયેલી લાંબી લડાઈમાં શહીદ નરબંકાઓના નામ આપણે આજે પણ જાણતાં નથી. તેમણે તન,મન કે ધનથી આપેલી આહુતિઓ વીરતા જ છે કારણ કે એમાં જનહિત સમાયેલું હતું, સ્વાર્થ કે પ્રસિદ્ધિની લાલસા નહીં. એમનાં માટે એ જ ધર્મ હતો.

આવાં એક વીર લડવૈયા રામપ્રસાદ બિસ્મિલ હતાં. તેમણે કાકોરી લૂંટ અને મેનપુરી ષડયંત્રમાં મહત્વની ભૂમિકા ભજવી અંગ્રેજોના નાકમાં દમ આણ્યો હતો.તેઓ ક્રાંતિકારી કવિતા પણ લખતાં.આવાં ક્રાંતિકારીઓને છૂપાઈને ગતિવિધિઓ કરવી પડે તેથી પોલીસ દ્વારા પકડાઈને નિષ્ક્રિય થવું તેમને ન પાલવે . જેલમાં બેઠાં બેઠાં પણ દેશહિત જ હૈયે વસ્યું હોય તેથી ત્યાંથી નાસવાની પેરવીમાં હોય . એકવાર આવી રીતે જેલમાં બંધ હતાં ત્યારે એમણે રાત્રે ભાગવાની ઈચ્છા સાથે ઉંઘતા ચોકીદારને ઢંઢોળી જરા ગમ્મત કરતા કહ્યું ,× તારાં પર મુસીબત આવવાની છે,ખબર છે! × ઝબકીને જાગેલા ચોકીદારને સમજાઈ ગયું કે રામપ્રસાદ ભાગવાની પેરવીમાં છે. એણે આજીજી કરતાં કહ્યું ,× ભાઈ, તમે ભાગશો તો મારાં બાળકો ભૂખ્યાં મરશે,મારી નોકરી જશે,એમ ન કરશો.×

રામપ્રસાદે ન ભાગવાનું વચન આપ્યું. થોડા સમય બાદ શૌચાલય જવાની અનુમતિ માંગતા એ ચોકીદારે એમને છૂટાં મૂક્યાં,પોતે એની સાથે પણ ન ગયો. સાથી ચોકીદારોએ એને ચેતવ્યો ,× આ તો ખતરનાક કેદી છે,એ હવે પાછો નહીં આવે, એને આમ જવા ન દેવાય .× પણ એ ચોકીદારના વિશ્વાસને ખરો પાડતા રામપ્રસાદ પરત જેલની કોટડીમાં પૂરાઈ ગયાં.

આવા હોય વીર ,આવો હોય એમનો ધર્મ જેમાં ?પરહિત,સમાજ હિત સમાયેલું હોય.આપણે સામાન્ય નાગરિક તરીકે વીરતા કોઈ તલવાર લઈને ન દાખવીએ પણ અંધશ્રદ્ધા,અજ્ઞાન અને કુરિવાજો માટે લડતમાં સાથ આપી, સાંપ્રદાયિકતા અને જાતિના કોચલામાંથી બહાર આવી વિશ્વ માનવ બનવા ગતિ કરીએ.

ઈશ્ર? માયા દેસાઈ
મુંબઈ ભારત.

---

NOG SS No : 109
શિર્ષક :-કામે લાગી જા/બાબુ સંગાડા×મહેક×
પ્રકાર :-પદ્ય

અંગાર બની જા
નૈતો લાળો બની જા
પાણીથી ઠંડોગાર થઈને
અહીં મર્દાલની જરૂર નથી
ડરપોક,નિર્બળની જરૂર નથી
અહીં ભડવીરની જરૂર છે.
પ્રત્યેક ડગલે જોખમ છે
સુરંગો દબાવી છે
સફર વિસ્ફોટો વચ્ચે છે
ચારેદિશા આંધી યે આંધી છે
તોફાન ચક્રવાકી છે
મોજા સુનામી છે
ઊઠ ! ખંખેર નિંદ્રા એ સવાર જો.
અનેક રસ્તા હશે
રાહબરો હશે
તરાપા હશે
ને તે વિચાર્યુ ના હોય તે દિશાઓ હશે
બસ તારી મર્દાંગીને જગાવ ઘણુંબધું હશે.
સમય વેડફવાનું છોડ દે
જેમા સાર નથી એ વાતમાં
નકામી મંડળીઓ બંધ કર
જેમા વિચારની અપેક્ષા નથી
આજથી કામે લાગી જા
સાચા જીવનની શોધમાં
જોજે કાર્યાવંતિતપળો
ઈતિહાસ હશે
શિલ્પકારે સોનેરી ટાકણે ટાકયો!!
હાલોલ,પંચમહાલ

---

NOG SS No : 0092
પ્રકાર :- પદ્ય
વિષય :- વીરતા પરમો ધર્મ:
શિર્ષક :- વીરતા માનું આભૂષણ

ના એ કોઈ યોદ્ધા છે કે,
ના પાસે છે કોઈ શસ્ત્રો.
તોય સ્તુતિ કરે છે એની,
ચારેય વેદ અને શાસ્ત્રો.
આંખના અશ્રુ ખાળીને,
જે અમારા માટે હસે છે.
એ મારી મા સરહદ પર નહિ,
અમારા મનમાં સદાય વસે છે.
સહયાં દુ:ખો ને સંતાપો ઘણાં,
મારા પિતાના અવસાન બાદ.
મદદ માટે ના કદીય કોઈનેય સાદ કર્યો,
ના કરી કદીય ઈશ્વર પાસે ફરિયાદ.
કમર કસી બાળકોના સુખ માટે,
ઉકેલ્યા કોયડા ને પ્રશ્નો એકલે હાથ.
કટાક્ષ અને ઉપેક્ષા દીધા દુનિયાએ,
જ્યારે દેવો જોઈતો હતો ખરો સાથ.
કદી નહોતી જોઈ ઘર બહારની દુનિયા,
ને નહોતી કરી કદી અજાણ્યા સાથે વાત.
પતિના સાંનિધ્યમાં ભોગવીતી સાહ્યબી,
સુરક્ષિતતા મેળવી હતી દિન- રાત.
ઘરના ઉંબરા ઓળંગી દુનિયાનો કર્યો સામનો,
ના બોજ ગણ્યો કદાપિ પતિના અધૂરાં કામનો.
હિસાબો ને કાયદાઓની આંટીઘૂંટી શીખતી ગઈ,
જમાનાની ભાષાથી સુપેરે પરિચિત થતી ગઈ.
કેટલાંય અણગમા, ઉપેક્ષા ને કોરે મૂક્યાં,
હજારો પ્રશ્નો ઉકેલી સ્વજોરે મૂક્યાં.
સંતાનોની ખુશીના પ્રસંગે પોતાના દુ:ખોને છુંપાવી દીધા,
પોતાના અરમાનો ને સંતાનોના સપનામાં પલટાવી દીધા.
વ્રજ જેવો આઘાત હૃદય પર સહીનેય એ,
નવા પડકારો માટે રોજ કમર કસે છે.
વીરતાનો કોઈ પુરસ્કાર નથી મળ્યો એને,
સાચી વીરતા એના વ્યક્તિત્વમાં શ્વસે છે.
ઈ અલકા નવિનચંદ્ર મહેતા

---

: NOG SS No : 0044
વિષય:- વીરતા પરમો ધર્મ
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- નારી કદી ન હારી.
શબ્દો:- ૧૩૩

યાજ્ઞસેની દેસાઈના પિતા ભીમજી દેસાઈનો ગામમાં અખાડો ચાલે.કરાટેની તાલિમ પણ આપે. દીકરીને પણ કરાટે શીખવાડે પોતાની માતાનાં વિરોધને ગણકાર્યા વગર.

એક સાંજે યાજ્ઞસેની કોલેજથી આવતી હતી ત્યારે કેટલાક છેલબટાઉ યુવાનો રસ્તો રોકી કહેવા લાગ્યા, ×મહાભારતમાં યાજ્ઞસેની પાંચ પતિની પત્ની અને તું પણ યાજ્ઞસેની, તો આવ અમારાં પાંચની થઈ જા.× કહી એનો હાથ પકડી ખેંચવા લાગ્યા.

કરાટેનાં દાવપેચ જાણનાર યાજ્ઞસેનીએ પાંચેપાંચને ધૂળ ચાટતા કરી દીધા. પોલીસને ફોન કર્યો આવીને પકડી લીધા. પી.એસ.આઈ.સાહેબે યાજ્ઞસેનીની વીરતાને બિરદાવી.

કોલેજમાં એની વીરતા બદલ સન્માન કરવામાં આવ્યું ત્યારે યાજ્ઞસેનીએ કહ્યું,× હું મહાભારતની યાજ્ઞસેની નથી હું તો છું આધુનિક યાજ્ઞસેની. મને મારાં પિતા પર ગૌરવ છે કે એમણે મને કરાટેનાં દાવપેચ ?શીખવેલા એટલે જ આજે હું મારું રક્ષણ કરી શકી.મહાભારતમાં કૃષ્ણે યાજ્ઞસેનીનાં ચીર પૂરેલાં પરંતુ આ જમાનામાં તો જાતે જ આપણું રક્ષણ કરતા શીખવું પડશે.

શ્ર વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

*NOG SS NO:004*
વિષય: વીરતા પરમો ધર્મ
પ્રકાર:પદ્ય(મુક્ત પંચિકા)
શબ્દો:૧૩૫
શીર્ષક: સત્યનો જય

ડર જીવને
કરે માનવ
પૂર્ણ જીવન નષ્ટ
જીત તો જય
શાને હારની?
ડગર પર
કંકર છાંય
છતાંય ન ચૂભે તે,
વીરને વરે
વીરતા ગ્રહે!
મેદાન છોડી
પૂંઠ ન ધરે
લડતો રહે સમાજે,
સત્ય માટે
ગજ સમાન.
ન પામ્યો અંગે
એક પણ ઘા,
છતાંય સત્ય પંથે,
કરે પ્રયાણ
પામે વીરતા.
સત્યનો જય
સદાય કહે,
ઝીલે સમ વિગ્રહ!
તો એ જ તુજ,
પરમો ધર્મ.
જયશ્રી પટેલ

---

NOG SS NO : 0117
વિષય: વીરતા પરમો ધર્મ
પ્રકાર : ગદ્ય
વિષય : હિતેચ્છુ ‘

સાંજના સાત વાગ્યાનો સમય હતો. અમદાવાદના એક ધનિક કહેવાતા વિસ્તારમાં એક ખાનગી ટ્યુશન ચાલતા હતા.ત્યાંના નીલસર દસમા ધોરણમાં ટ્યુશન ખુબ સરસ કરાવતા.બધાને એમની પાસ જઈને ભણવાનો ખુબ શોખ.નીલ સરના ટ્યુશનમાં જનારા દરેકને ૮૦% ઉપર રીઝલ્ટ આવેજ આવે એવી ગેરંટી હતી.એ એટલું સરસ ભણાવતા.પણ એમની એક બહુ ખરાબ કહી શકાય એવી ટેવ હતી કે,તેઓ ભણાવતા-ભણાવતા બેન્ચના બહારવાળા ખૂણા પર બેસેલી છોકરીઓને અડતા જાય અને ભૂલથી અડી ગયું કહીને આગળ ભણાવવા લાગે.કોઈક કંઈક પૂછે તો પીરીયડ પૂરો થવાને ૧૦ મિનિટની વાર હોઇ ત્યારે એમની બેન્ચ પર જઈને બાજુમાં બેસીને શીખવાડે.દરેક છોકરીઓની બાજુમાં બેસીને આવી જ રીતે શીખવાડતા.દીકરીઓને તે બહુ અજીબ લાગતું પણ વધુ સારા માર્કસ આવે છે એટલે એમના ટ્યુશન મૂકી દેવાની વાત પણ ઘરે ન કરી શકતી.મમ્મી પપ્પાને આ વાત કેવી રીતે કરવી, એ મને ખીજાશે તો ? મારું ભણવાનું બંધ કરવી દેશે તો? એની બીકે એ દીકરીઓ ચૂપ રહેતી.બધીજ દીકરીઓએ નક્કી કર્યું કે, કોઈ એકના ઘરે ખબર પડશે તો બધાના ઘરે ખબર પડી જશે. પછી આપણું નામ ખરાબ થશે ને ઘરેથી વઢ પડશે એ અલગ. આજે એમના ટ્યૂશનમાં ભણતી નિધિ સાથે કંઈક આવુ જ થયું.એને સરને કંઈક પૂછતાં સર ત્યાં બાજુએ આવીને બેસી ગયા.એને કંઈક શીખવાડવા લાગ્યા પણ નિધિએ નોટિસ કર્યું કે,સરનું ધ્યાન એના શરીર પર પડી રહ્યું છે.સર ક્યારના ત્રાસી નજરે એના શરીરને જોઈ રહ્યા છે. નિધિ અંદર-અંદર ખુબ ડરતી હતી.પણ,કોને કહેવા જાય?તેને બાજુમાં બેસેલી તેની બહેનપણી આસ્થાનો હાથ પકડી લીધો અને ઈશારાથી પોતાના ડરને,પોતાના સંકોચને દર્શાવી રહી હતી.આસ્થા થોડી બેફિકર,નીડર અને હિંમતવાન હતી.એને નિધીને ઈશારાથી કહી દીધું કે,તને કંઈ નહિ થાય. તું શાંતિથી ભણવામાં ધ્યાન આપ.પણ એમ થઈ શકે ખરું? નિધિ હવે અકળાઈ ગઈ છે.એનું હવે ભણવામાં જરાય ધ્યાન નથી.એ બેલ વાગવાની રાહ જોઈ રહી હતી.ત્યાંજ બેલ વાગ્યો.નિધિને હવે હાશ થયું.બધી છોકરીઓ બહાર જઈને આજે નિધિ સાથે જે થયું એ વાત કરી રહી હતી.ત્યાં આસ્થાની મમ્મી તેને લેવા આવી.આસ્થાએ આજે પોતાની નજર સમક્ષ સરને આ રીતે જોયા હતા એટલે એનાથી સહન ન થયું.તેણે જઈને એના મમ્મીને સર વિશે બધું જ કહી દીધું.એના મમ્મીએ તરત પૂછ્યું કે,બેટા એણે તને તો કંઈ નથી કર્યું ને?આસ્થાએ ના પાડતા એના મમ્મીને હાશ થઈ.તરત જ એને ઉપર જઈને નીલસરને જોરદાર લાફો મારી દિધો.

(પોતાની દીકરીને કંઈ ન થયું હોવા છતાંય આસ્થાના મમ્મીની વીરતા બિરદાવવા લાયક છે.)

- મેઘના કામદાર
(અમદાવાદ)

---

ગયો
પહાડ જેવો આદમી,
બસ એમ જ તૂટી ગયો.
કાબા જેવો આદમી,
બસ એમ જ લૂંટી ગયો.
પાંચીકા ખામોશ રહ્યા,
બસ એમ જ છૂટી ગયો.
એકલો નર શું કરી શકે?
બસ એમ જ ફૂટી ગયો.
સાથ મધ્યાહ્ન સુધી જ?
બસ એમ જ ઝૂંટી ગયો!
ફૂલ બદલે કંટકોની ઝોળી,
બસ એમ જ ચૂંટી ગયો!!
આત્મા ચાલ્યો ,કવચ ગયું,
બસ એમ જ વછૂટી ગયો!!
ભરત વૈષ્ણવ
૧૨.૧૧.૨૦૨૧.ઈકવિતા

---

ઈન્સ્પેક્ટર સાહેબ
સજ્જડબમ થઈ ગયા!

આપણે આપણી જાત વિશે અત્યંત ઊંચો અભિપ્રાય બાંધી લઈએ છીએ. જેમાં એક નવા પૈસાનો ખર્ચ કરવાનો રહેતો નથી. વાસ્તવમાં બજારમાં ઊભા રહીએ કે બે ત્રણ ડામીસોને પૂછીએ ત્યારે ખબર પડે કે આપણે કેવા હવાઈ કિલ્લા બનાવ્યા છે!!

પોલીસની છાપ ગમે તેવી હોય. ઓગણીસ-એકયાંશીનો પાતળો ભેદ હોય. પણ પોલીસની મથરાવટી મેલી હોય એ નક્કી છે. એક ચાદર મૈલી સી. ગૃહ મંત્રી તારી મેલી પોલીસ!!

આપણે ત્યાં રિયલ લાઈફ કરતાં રીલ લાઈનનું એટેચમેન્ટ કે આકર્ષણ હોય છે. હિન્દી સિનેમામાં મારધાડ, ચોરી, ડકેતી, લડવાડ, તોફાન, વિલન દ્વારા હીરોઈન પર જાતીય હુમલો, ખૂન વગેરે વગેરે ગુનો આચરાઈ જાય પછી પોલીસ પ્રગટે છે! મોટેભાગેડફોળ ,બોઘા ,કમઅક્કલ ,કાર્ટુન જેવા દેખાડે છે. જેના લીધે ભય, શેહ કે ખોફનાક ન લાગે પણ મિસ્ટર બિન કે થ્રી સ્ટુજીસ જેવા દેખાય! વાસ્તવિક જીવનમાં પોલીસ વહેલી કે મોડી આવતી નથી, ફરિયાદ લેતી નથી, પૈસાદારનો સપોર્ટ કરે છે, સાક્ષીને આરોપી બનાવે છે. લાંચ સિવાય જાંચ નહીં નો મોટો અપનાવે છે. લાંચ પછી જાંચ શેની એ તેમના મનમાં ઘૂમરાતો સવાલ છે!!

પોલીસની મનોવૃત્તિમાં તેમનો વાંક નથી. ઉપરી અધિકારીઓની તાબેદારીને મચ્છર ગણી મસળવાની જઘન્ય વૃતિ. અમાનવીય અને તોછડું વર્તન. કામનું ભારણ, વીકલી ઓફની કમકમાટી ભરેલી હત્યા! કુંટુંબ જીવન માણવાનો અભાવ માણસને બરડ અને રૂક્ષતા બનાવે તો શું બનાવે ?

લોકોને રોલા મારવા પોલીસ બંદોબસ્ત જોઈએ છે, નેતાને સિકયોરિટી જોઈએ છે, ચૂંટણી , તહેવારો, સરકારી કાર્યક્રમો, મેળાવડા , પરીક્ષા, તોફાનો, હુલ્લડ, હુડદુંગ, વગેરે માટે પોલીસો ફાળવવાનાં આવે છે. તોફાનોના પથ્થર, કાકડાનો ભોગ બને છે. કોઈ છોકરું બોરમાં પડી જાય , ઘટનાસ્થળે ભીડ જમા થાય તો કાયદો-વ્યવસ્થા સંભાળવા પોલીસ કામે લાગે. કોઈની શાદી કે બારાતમાં મહેમાનો અંદર જયાફત ઉઠાવે. બહાર વ્યવસ્થા માટે તૈનાત પોલીસને પાણીનુ પણ પૂછે નહીં. ક્યાંક તો નેતાલોગની ખોવાઈ ગયેલી ભેંસ શોધવા સાતે કામ પડતાં મુકી ઘંઘે લાગે! સાહેબના ડોગીને ફેરવવા લઈ જવા જેવા કામો પણ નિપટાવવા પડે.

પોલીસ સારી કામગીરી કરે તો સર્ટિફિકેટ કે બસોત્રણસો રૂપરડીનું અધધધ પારિતોષિક મળે! કામગીરીમાં ભૂલ હોય તો ખુલાસો કરવાની તક આપ્યા સિવાય મનસ્વી રીતે ૨૦૦ થી પાંચ હજારનો દંડ ઠોકી દેવામાં આવે!!લોકો દગડું કે એવા નામે ઉપાલંભ આપે, ઠઠા-મશ્કરી કરે તે તો નફામાં !!

પોલીસ પરીક્ષાનું સંચાલન કરે. મંત્રીની સુરક્ષા કરે. નાણાંની હેરફેરમાં સુરક્ષા પ્રદાન કરે. ટ્રાફિક નિયમન કરે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરે, ગુનાની તપાસ કરે. ગ્રીન કોરિડોર રચી હ્યુમન ઓર્ગન દર્દી સુધી પહોંચાડે .ચૂંટણીની કામગીરી કરે. પરીક્ષાઓ યોજવામાં મદદ કરે.

હમણા પોલીસને નવી કામગીરી મળી. જામજોધપુરમાં ડેમ છે. ડેમ તળિયાઝાટક તો ન કહેવાય, પણ ડેમ ખાલીખમ છે. ડેમમાં બચેલા પાણીની ચોરી થાય તો વરસાદ ન આવે ત્યાં સુધી શહેરને પાણી પૂરું પાડવાનું મુશ્કેલ થાય. લોકો હલ્લાબોલ કરે તે લટકામાં!!ડેમમાંથી પાણી ન ચોરી જાય તે માટે સશસ્ત્ર પોલીસો રાતદિવસ ખડેપગે ઉભા રહી ચોંકી કરે છે.

આ સમાચાર વાંચી રાજુ રદી સાતમા આસમાને પહોંચ્યો. એક અરજી લખી પોલીસ સ્ટેશને પહોંચી ગયો. પોલીસ ઈન્સ્પેક્ટરને કહ્યુ કે મને પોલીસ બંદોબસ્ત ફાળવો.ઈન્સ્પેક્ટર સાહેબે કારણ પૂછ્યું.

“સાહેબ હું ઊંઘી જઉં કે મને પ્રધાનમંત્રી બન્યાના સ્વપ્ન આવે છે. કોઈ દાઢીવાળા દાદા મને ખુરશી પરથી બાવડેથી ઝાલી ઉતારી દે છે. પેલા દાદા મારા સ્વપ્નમાં ન આવે એવું કાંઈક કરો!!!” રાજુએ રીકવેસ્ટ કરી.

ઈન્સ્પેક્ટર સાહેબ સજ્જડબમ થઈ ગયા!

ભરત વૈષ્ણવ
૨૬.૫.૨૦૨૨ઈ હાસ્યલેખ

## હોય છે

ચાલી રહ્યો છું એ રીતે તું સાથ હોય છે,
ચાલ્યા કરે છે ક્યાંય સુધી વાત હોય છે.
માંડું છું કોઈ વારતા મારા વિશે અને,
આંખોમાં તારી વેદનાની રાત હોય છે.
તારું સ્મરણ લઈને હું મહેક્યાં કરું સતત,
તારી મને આ રોજની સોગાત હોય છે.
સૂની આ આંખ ઝળઝળી આકાશ તાકતી,
તારા વિના હરેક દિવસ રાત હોય છે.
હાથોમાં હાથ લઈ ને કશું કહું કે ના કહું,
બાકી તો પૂરી જિંદગી તૈનાત હોય છે.

રેણુકા દવે (અમદાવાદ



તું પરવશ નથી..

તું પરવશ નથી તારી કાંખઘોડી બનીને હું ઊભો છું,
બસ બે કદમ ચાલજે મારી સાથે ઉન્નતિની કેડી પરહામ ભરી ને,
ઉતાર-ચડાવ આવશે, ખાડા-ટેકરા નડશે, તું મૂંઝાતો નહીં તારી સાથે હું છું ને,
મસ્તક ઉન્નત રાખજે, ધૈર્યથી આગળ વધજે વિશ્વાસ નો શ્વાસ ભરીને, સમય કસોટી લેશે, સંબંધો ઊણા ઉતરશે, સાથ છૂટી જશે પણ મૂંઝાતો નહીં તારી સાથે હું છું ને,ન થાકજે, ન હારજે તારી સાથે હું છું ને.

ડો. રમેશ શાહ (વડોદરા)

## અમેરિકાના ટેક્સાસ-ડલાસમાં એરશો દરમિયાન આકાશમાં બે પ્લેન અથડાયા

ટેક્સાસ,તા.૧૩

અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં બે વિન્ટેજ પ્લેન ક્રેશ થયા હોવાના અહેવાલ છે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને આ જાણકારી આપી. હ્વછછ અનુસાર, ડલ્લાસ એક્ઝિક્યુટિવ એરપોર્ટ પર એર શો દરમિયાન આ અકસ્માત થયો હતો. આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ અંગે હાલમાં કોઈ માહિતી નથી. હવામાં એકબીજા સાથે અથડાયા બાદ બંને પ્લેન જમીન પર તુટી પડ્યા હતા. જે બાદ તેમાં આગ લાગી હતી.

આ પછી, એક ડઝનથી વધુ ફાયર બ્રિગેડની ગાડીઓને એરપોર્ટ પર બોલાવવામાં આવી હતી, જેથી પ્લેનમાં લાગેલી આગ પર કાબૂ મેળવી શકાય. આ ઘટના સ્થાનિક સમય અનુસાર બપોરે ૧.૨૦ વાગ્યાની આસપાસ બની હતી. FAA એફએએ અનુસાર, એક બોઈંગ બી-૧૭ ફ્લાઈંગ ફોર્ટ્રેસ અને બેલ પી-૬૩ કિંગકોબ્રા ટકરાયા હતા. હવામાં અથડાયા બાદ બંને પ્લેન જમીન પર પડી ગયા હતા. આ ઘટના બાદ ડલ્લાસ એક્ઝિક્યુટિવ એરપોર્ટ પર અફરાતફરી મચી ગઈ હતી.

ઘટનાની જાણકારી મળ્યા બાદ રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. ઈમરજન્સી કર્મચારીઓ ડલ્લાસ એરપોર્ટ પર પહોંચ્યા અને બચાવ કામગીરી શરૂ કરી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કેવી રીતે બંને પ્લેન એકબીજા સાથે અથડાયા બાદ જમીન પર પડ્યા હતા. જે બાદ તેમાં આગ લાગી હતી.

જમીન પર પડ્યા બાદ બંને પ્લેન આગમાં લપેટાઈ ચૂક્યા હતા. ધુમાડાના ગોટેગોટા દુરથી જોઈ શકાતા હતા.

## કોરોનાની ઝડપ વધ્યા બાદ ચીનમાં ફરી થઈ શકે છે લોકડાઉન, આજે ૧૪,૮૭૮ નવા કેસ

બીજીંગ,તા.૧૩

ચીનમાં કોરોના વાયરસનો કહેર અટકવાનું નામ નથી લઈ રહ્યો. અહીં આજે ૧૪,૮૭૮ નવા કોવિડ કેસ નોંધાયા હતા, જેમાંથી ૧,૭૧૧ દર્દીઓ લક્ષણો બતાવી રહ્યા હતા અને ૧૩,૧૬૭ દર્દીઓ એસિમ્પટમેટિક (લક્ષણો વિના) હતા. આના એક દિવસ પહેલા ૧૧,૯૫૦ નવા કેસ નોંધાયા હતા. અહીં કોરોનાથી કોઈ નવું મૃત્યુ થયું નથી. રાજધાની બેઈજિંગમાં ૨૩૫ નવા કેસ નોંધાયા હતા જ્યારે એક દિવસ પહેલા ૧૧૬ કેસ નોંધાયા હતા. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.ચીનમાં કોરોનાના કેસમાં ઝડપી ઉછાળો નોંધાયો છે. બેઈજિંગમાં નોંધાયેલા ૨૩૫ નવા કેસોમાં પણ ૧૬૧ દર્દીઓમાં લક્ષણો જોવા મળ્યા હતા જ્યારે ૭૪ કેસમાં કોઈ લક્ષણો જોવા મળ્યા ન હતા. તપાસ બાદ જ તેમનામાં કોરોનાની પુષ્ટિ થઈ હતી. લગભગ ૧૩ મિલિયનની વસ્તી ધરાવતા ગુઆંગઝુના દક્ષિણ મહાનગરે એક દિવસ અગાઉ કેટલાક જિલ્લાઓને લોકડાઉનમાંથી મુક્તિ આપી હતી. આ અઠવાડિયે કોરોના નિયમોમાં રાહત આપતા ચીનની સરકારે બહારથી ચીન આવતા પ્રવાસીઓ માટે ક્વોરેન્ટાઈન સાત દિવસથી ઘટાડીને પાંચ દિવસ કરી દીધું છે.

નવા કેસ આવ્યા બાદ ગુઆંગઝુથી બેઈજિંગ અને અન્ય મોટા શહેરોની ફ્લાઈટ્સ પણ રદ કરવામાં આવી છે. જે લોકો સુપરમાર્કેટ, ઓફિસ અને અન્ય જાહેર વિસ્તારોમાં પ્રવેશવા માગે છે તેમણે દિવસમાં એક વખત નેગેટિવ કોરોના રિપોર્ટ લાવવાનો રહેશે. ચોંગકિંગે તેના બેબેઈ જિલ્લામાં શાળાઓ બંધ કરી દીધી. અહીં ૮૪૦,૦૦૦ લોકો રહે છે. અહીં લોકોને તેમના એપાર્ટમેન્ટમાંથી બહાર નીકળતા અટકાવવામાં આવ્યા છે. મધ્ય શહેર ઝેંગઝોઉમાં કુલ ૬.૬ મિલિયન લોકો સાથે આઠ જિલ્લાઓમાં સામૂહિક પરીક્ષણ પણ કરવામાં આવી રહ્યું હતું.ગયા અઠવાડિયે ચીનમાં કોવિડ-૧૯ના કેસમાં થયેલો વધારો શૂન્ય કોવિડ વ્યૂહરચના સામે પડકાર ઊભો કરી રહ્યો છે. જે અંતર્ગત દરેક સંક્રમિત વ્યક્તિને ક્વોરેન્ટાઈન સેન્ટરમાં રાખવા પડશે. જો કે, કમ્યુનિસ્ટ પાર્ટીએ કહ્યું કે તે શૂન્ય કોવિડ નીતિને વળગી રહેશે. નેશનલ હેલ્થ કમિશન અનુસાર, ૧.૩ કરોડની વસ્તીવાળા શહેર ગુઆંગઝૂમાં કોવિડ-૧૯ના ૩,૭૭૫ કેસ નોંધાયા છે, જેમાં ૨,૯૯૬ એવા કેસ છે જેમાં કોઈ લક્ષણો નથી.

## શબ્દો સાથે છે મારે જૂની પ્રિત,



શબ્દો ને રમાડું હું પ્યાર ની રીત,
શબ્દો ને મનથી ગવડાવું હું ગીત,
શબ્દો ને દિલથી ઊઠાડું હું નીત,
શબ્દો ને ભાવથી નવાડું હું નીત,
શબ્દો ને સ્નેહ થી સજાવું નીત,
શબ્દો ને વહેવડાવુ જાણે સરિતા,
શબ્દો ને કહેવડાવું જાણે કવિતા,
શબ્દો ને શબ્દો થી કરાવું હું પ્યાર,
શબ્દો ને શબ્દો થી બનાવું હું યાર,
બિપીન જોશી (રાજકોટ)

## સંગઠને મારો ખેલ ખરાબ કર્યો, ભાજપને રામરામ!

# મારું કોઈ કઈ બગાડી નહીં શકે,હું અપક્ષ તરીકે ચુંટણી લડીને જીતીશ : મધુશ્રીવાસ્તવ



વડોદરાઃ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ચૂકી છે. ભાજપનું લિસ્ટ જાહેર થયા બાદ સૌથી વધુ ચર્ચામાં જો કોઈની હોય તો મધુ શ્રીવાસ્તવની છે. હવે મધુ શ્રીવાસ્તવને લઈને એક મોટા સમાચાર મળી રહ્યા છે. વાઘોડિયાના ભાજપ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે ભાજપમાંથી તમામ હોદ્દાઓ અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું છે. સોમવાર સુધીમાં ફોર્મ ભરી ચૂંટણી લડવાનો હુંકાર પણ કર્યો છે.

વાઘોડિયાના ભાજપ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ ભાજપમાંથી રાજીનામું આપી દીધા બાદ મધુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, મેં હાઈકમાન્ડને જાણ કરી હતી અને બે દિવસનો સમય માંગ્યો હતો. પરંતુ બે દિવસ પછી પણ તેમનો કોઈ જવાબ મળ્યો નહોતો. જેથી હું ભાજપના તમામ હોદ્દાઓ અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું છે. પોતાની ઓફિસ ખાતે કાર્યકરોને ભેગા કરી મધુ શ્રીવાસ્તવ જાહેરાત કરી છે. મધુ શ્રીવાસ્તવ હવે અપક્ષ તરીકે ચૂંટણી લડશે. મોટી સંખ્યામાં કાર્યકરો આજે મધુ શ્રીવાસ્તવની ઓફિસ ખાતે ભેગા થયા છે. મધુ શ્રીવાસ્તવ સાથે તેમનો પરિવાર પણ હાજર રહ્યો હોવાની વાત સામે આવી છે.

રાજીનામું આપ્યા બાદ મધુ શ્રીવાસ્તવનું મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, ભાજપે મારી ટિકિટ કાપતા મારા કાર્યકર્તાઓ નારાજ થયા છે. કાર્યકર્તાઓ સાથે ચર્ચા કરીને મેં રાજીનામુ આપ્યું છે. હું ભારતીય જનતા પાર્ટીને રામ રામ કરું છું. હું ચૂંટણી લડવાનો જ છું. એમાં કોઈ શંકા નથી. મારા કાર્યકરો અને કમિટી કહેશે તો ચૂંટણી લડીશ, હું અપક્ષ તરીકે પણ ચૂંટણી લડીશ. પરંતુ અપક્ષમાં જીત્યા બાદ ભાજપમાં નહી જોડાઉ. પ્રાણ જાય પણ વચન નહીં જાય. બીજી બાજુ મધુ શ્રીવાસ્તવે સંકેત આપ્યો હતો કે કાર્યકરો કહેશે તો કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, શિવસેના કે જનતા દળમાંથી ચૂંટણી લડીશ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હું ખુબ લાંબા સમયથી ભાજપનો કાર્યકર રહ્યો છું. પાર્ટીએ મને લાંબા સમયથી સેવા કરવાની તક આપી. પરંતુ ભાજપે આ વખતે મને ટિકિટ ન ફાળવી. જેના કારણે મારા કાર્યકર્તાઓ નારાજ થયા છે. હું હજુ સમાજની સેવા કરવા માગુ છું. હું ૫૦૦ કાર્યકરો સાથે ભાજપમાંથી રાજીનામું આપુ છું. મેં ભાજપ માટે તન, મન અને ધનથી કામ કર્યું છે. પાંચ ટર્મ સુધી સેવા કરવાની તક આપી તે માટે ભાજપનો આભાર છે, મને કોઇ મનાવવા આવ્યું નથી. મહત્વનું છે કે, દબંગ નેતાની છાપ ધરાવતા મધુ શ્રીવાસ્તવની ભાજપે ટિકિટ કાપી છે. મધુ શ્રીવાસ્તની ટિકિટ કાપીને અશ્વિન પટેલને ભાજપે વાઘોડિયા બેઠક પરથી ઉમેદવાર જાહેર કર્યા છે. ત્યારે મધુ શ્રીવાસ્તવને ટિકિટ નહિ મળતાં તેઓ બાગી થયા છે. તેઓએ નારાજગી સાથે કાર્યકર્તાઓ સાથે બેઠક કરી હતી.

# નાણાંની હેરફેર રોકવા પોલીસ સતર્ક :સારોલી પોલીસે ૧ કિલો સોનુ અને ૫૦ લાખની મત્તા કરી જપ્ત

## ૧૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓની ટીમ કરી રહી છે સરપ્રાઈઝ ચેકિંગ

અમદાવાદ,તા.૧૩

ચૂંટણીમાં રોકડ નાણાંની હેરફેર રોકવા પોલીસ સતર્ક છે ત્યારે સુરતમાં સારોલી પોલીસની મોટી કાર્યવાહી કરી છે. સારોલી પોલીસે બે વ્યક્તિ પાસેથી ૧ કિલો સોનું તેમજ ૫૦ લાખથી વધુ રોકડા જપ્ત કર્યા છે આ બે વ્યક્તિઓ લક્ઝરી બસમાંથી ઉતરીને ચાલતા જતા હતા ત્યારે નિયોલ ચેકપોસ્ટ પાસેથી બંનેને ઝડપી લેવામાં આવ્યા હતા. ઈલેક્શન કમિશન દ્વારા ગેરકાયદે નાંણા તેમજ દારૂની હેરફેર અંગે વિશેષ સર્વેલન્સ ટીમ બનાવવામાં આવી છે. ત્યારે દરેક જિલ્લામાં વિવિધ ચેકપોસ્ટ પર સઘન ચેકિંગ થઈ રહ્યું છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી અંતર્ગત ઝોન ૪ પોલીસમાં આવેલા ખટોદરા તેમજ પાંડેસરા પોલીસ મથકની હદમાં પોલીસ દ્વારા સરપ્રાઈઝ કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પોલીસે ૧૦૦ થી વધુ કર્મચારીઓની ટીમ બનાવી સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. પોલીસના કોમ્બિંગ દરમ્યાન ૩૪૩ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આગામી દિવસોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને સુરત પોલીસ સતર્ક થઇ છે. જે અંતર્ગત ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં થાય અને ગુનાખોરી પર અંકુશ રાખી શકાય તે માટે સુરત પોલીસ દ્વારા સરપ્રાઇઝ કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સુરત પોલીસના ઝોન ૪માં આવતા પોલીસ મથકોના વિસ્તારોમાં પોલીસની ટીમો બનાવીને સરપ્રાઈઝ કોમ્બિંગ ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ઝોન ૪ અંતર્ગત આવતા ખટોદરા તથા પાંડેસરા પોલીસ મથકની હદમાં આવેલા આઝાદ નગર, રસુલાબાદ, બમરોલી, તથા ખાડી વિસ્તારમાં સંયુક્ત રીતે સરપ્રાઇઝ કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

સુરત પોલીસે ૧૧ નવેમ્બરના રોજ સરપ્રાઈઝ કોમ્બિંગ તપાસ દરમિયાન જુદા જુદા વિસ્તારોમાંથી અનેક અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરી હતી. પોલીસે કુલ ૩૪૩ જેટલા ઈસમો સામે જુદી જુદી કલમ હેઠળ કાર્યવાહી કરી હતી. પોલીસે કોમ્બિંગ દરમ્યાન નબર પ્લેટ વગરના તથા ફોલ્ટી નબર પ્લેટ ધરાવનાર સામે કાર્યવાહી કરી હતી. પોલીસે આવા ૧૨૫ વાહનો, તડીપાર હુકમ ભંગના ૨ , હથિયારબંધી અને જાહેરનામાં ભંગના ૧૧, નોન બેલેબલ વોરંટના ૮ આરોપીઓની અટક, ૬૯ જેટલા શરીર સબંધી આરોપીઓ, ૧૦૬ માથાભારે ઈસમો સામે અટકાયતી પગલા, પીધેલાના ૧૨, તેમજ ગેરકાયદે દારૂની પ્રવુતિ કરતા ૫ ઈસમો મળી કુલ ૩૪૩ લોકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.આ સાથે પોલીસે અનેક અસામાજિક તત્વો પાસેથી ગેરકાયદેસર રાખવામાં આવતા જુદા જુદા પ્રકારના હથિયારો પણ કબજે કર્યા હતા.

# સાબરકાંઠાઃ હાથમતી નદીમાં ન્હાવા ગયેલા સાત કિશોરોમાંથી બે વહેણમાં તણાયા, બંનેના મોત

હિંમતનગર,તા.૧૩

સાબરકાંઠાના ડેમાઈ અને પ્રતાપુરા વચ્ચે આવેલી હાથમતી નદીમાં કરૂણાતિકા સર્જાઈ છે. આ નદીમાં ૭ કિશોરો નાહવા પડ્યા હતા જેમાંથી બે બાળકો ડૂબ્યા હોવાનં સમાચાર સામે આવી રહ્યા છે. નદીમાં નાહવા ગયેલા ૭ પૈકી ૨ બાળકો ડૂબતા સ્થાનિકોને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિકો તથા ફાયર વિભાગની ટીમે શોધખોળ હાથ ધરી હતી. શનિવારે મોડી સાંજે તપાસ કરતા નદીમાંથી બાળકોના મૃતદેહને બહાર કાઢ્યા હતા. બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે લઇ જવામાં આવ્યા છે.

નદીના વહેણમાં ડુબી ગયેલા રાવળ વિશાલભાઈ રાજુભાઈ (ઉં.વ.૧૬, રહે. વિરાવાડા) તથા વણઝારા રાહુલ કાન્તીજી (ઉં.વ.૧૬, રહે.વિરાવાડા)ના મૃતદેહો પાણીમાંથી બહાર કાઢ્યા હતા. બન્ને મૃતક કિશોરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા બાદ પોલીસ દ્વારા પંચનામાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ગોઝારી ઘટનાને કારણે પરિવારો અને આખા પંથકમાં શોકનો માહોલ છવાયો છે.

આ ગોઝારી ઘટના અંગે હિંમતનગર ફાયર બ્રિગેડના ઈન્ચાજ ચીફ ફાયર ઓફિસર રાજેન્દ્રસિહ પરમારે મીડિયાને આપેલી જાણકારી પ્રમાણે, હિંમતનગર તાલુકાના ડેમાઈ તથા પ્રતાપુરા વચ્ચે પસાર થતી હાથમતી નદીમાં વહેતુ પાણી છે. શનિવારે સાંજે વિરાવાડા ગામના ૭ કિશોરો નદીના પાણીમાં ન્હાવા ગયા હતા. તે દરમિયાન અચાનક ૨ કિશોરો ડૂબવા લાગ્યા હતા.

જેથી બુમાબુમ થતા આસપાસથી લોકો દોડી આવ્યા હતા. જે અંગે હિંમતનગર ફાયર બ્રીગેડને જાણ કરતા ફાયર બ્રીગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. કિશોરોની શોધખોળ હાથ ધરી હતી. જેમાં મોડી સાંજે પ્રથમ એક અને બાદમાં અન્ય એક કિશોર એમ બે કિશોરોના મૃતદેહો નદીમાંથી મળી આવ્યા હતા.



આજ રોજ સુરત ખાતે પાસ કન્વીનર શ્રી નીતિન ઘેલાણી તેમજ પાસના આગેવાનો ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબના હસ્તે ખેસ ધારણ કરી ભારતીય જનતા પાર્ટી માં જોડાયા. પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી એમ.એસ.પટેલ,સુરત શહેર પ્રમુખશ્રી નિરંજન ઝાઝમેરા,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ સહિત શહેર મહામંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદઃ પાણી-પુરી ખાવા જેવી નજીવી બાબતે નાના ભાઈએ કરી મોટા ભાઈની હત્યા

અમદાવાદ,તા.૧૩

અમદાવાદ માં સાબરમતી વિસ્તારમાંથી એક ચોંકાવનારી હત્યાની ઘટના સામે આવી છે. જેમાં પકોડી ખાવા જેવી સામાન્ય બાબતે નાના ભાઈએ મોટા ભાઈની હત્યા કરી હોવાનું સામે આવ્યુ છે. પોલીસે હત્યારા ભાઈની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. હત્યા કરનાર આરોપી અમિત પંડ્યા છે. જેણે પકોડી ખાવા બાબતે પોતાના સગા મોટા ભાઈની હત્યા કરી દીધી.સમગ્ર ઘટનાની વિગત એવી છે કે સાબરમતી વિસ્તારમાં રહેતા અજય પડ્યાં પોતાની ભાણી સાથે ઘરે હતા.

બહેન ડોલી અને બનેવી યોગેશ મહેતા પકોડી ખાવા બજારમાં નીકળ્યા હતા. ત્યારે અજયભાઈએ પોતાના માટે અને દીકરી માટે પકોડી ઘરે મંગાવી હતી. સાંજે ૬ વાગે બેન-બનેવી પકોડી લઈને આવ્યા ત્યારે નાનો ભાઈ અમિત પકોડી ખાવા બેસી ગયો. જેથી બંને ભાઈઓ વચ્ચે બોલાચાલી અને ઝઘડો થયો હતો. આ બોલાચાલી દરમિયાન નાના ભાઈ અમિતે આવેશમાં આવી જઈ પોતાના મોટા ભાઈ અજયનું ગળું દબાવીને હત્યા કરી દીધી હતી. આ ઘટનાને લઈને સાબરમતી પોલીસમાં બહેને નાના ભાઈ વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી. સાબરમતી પોલીસે નાના ભાઈ અમિત વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી છે.

મૃતક અજય પંડયાના પિતા રીક્ષા ચાલક છે. જ્યારે અજય અને અમિત મજૂરી કરે છે અને સંયુક્ત પરિવારમાં રહે છે. મૃતકને સંતાનમાં એક દીકરી છે. જ્યારે આરોપી અમિતની પત્ની સાથે મનમેળ નહીં થતા તે છોડીને પિયર જતી રહી હતી. મોટો ભાઈ અજય ઠપકો આપતા અમિત સાથે અવાર નવાર ઝઘડો થતા હતા. પકોડી ખાવા બાબતે પણ ઠપકો આપતા ઉશ્કેરાઈ ગયેલા અમિતે ગળું દબાવીને ધક્કો મારીને હત્યા કરી હતી. હાલમાં પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આરોપી અમિત પંડ્યાનો કોઈ ગુનાહિત ઈતિહાસ છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે. ઉપરાંત હત્યાનું કારણ માત્ર ઠપકો આપવાનું છે કે અન્ય કોઈ અદાવત છે તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.

પોલીસે તપાસ કરતા હત્યારા નાના ભાઈ અમિતે મોટાભાઈને ધક્કો માર્યો અને માથું દીવાલ સાથે અથડાતાં મોત નીપજ્યું હોવાનું જણાવ્યુ છે. હાલ પોલીસે ભાઈની હત્યા કરનાર આરોપીની સાબરમતી પોલીસે ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરઃ રોઝ અથડાતા બાઈક પલટી, બે પોલીસકર્મીઓના મોત

સુરેન્દ્રનગર,તા.૧૩

લખતર પાસે ફરીથી ગમખ્વાર અકસ્માત નોંધાયો છે. સુરેન્દ્રનગરના લખતર ઝરમ ગામ પાસે રસ્તા પર રોઝ પ્રાણી આવી જતા બાઈકને ટક્કર વાગી હતી. જે બાદ બે પોલીસકર્મીઓનાં મોત નીપજ્યા છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, લખતરના ઝરમ ગામ પાસેના રોડ પરથી શંકરભાઈ ઓલકિયા, સરદેવ ગળથરા નામના પોલીસકર્મી બાઈક પર જઈ રહ્યા હતા. આ દરમિયાન રસ્તા પર બાઈકની સામે રોઝ આવી જતા બાઈકને ટક્કર વાગી હતી. જેમાં બંને પોલીસકર્મીઓનાં કરૂણ મોત થયા હતા. આ અકસ્માતની જાણ થતા સ્થાનિક પોલીસે ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ ગોઝારા અકસ્માતનાં સમાચાર મળતા પોલીસ બેડામાં ગમગીની છવાઈ ગઈ છે. આ સાથે મૃતક પોલીસ કર્મીઓનાં પરિવારમાં જાણે આભ ફાટ્યું હોય તેવી સ્થિતી સર્જાઈ છે.

થોડા દિવસો પહેલા જ વઢવાણ પોલીસ મથકમાંથી જ હેડ કોન્સ્ટેબલ લાપતા થયા હતા. જે બાદ તેમના પિતાએ પીએસઆઈ સામે આક્ષેપો સાથે રજૂઆત કરતાં ચકચાર ફેલાઈ હતી. જોકે, હેડ કોન્સ્ટેબલ પાટડીના રણમાં આવેલા વાછડાદાદાનાં દર્શન કરીને પરત ફરતાં પરિવાર સાથે પોલીસ તંત્રે પણ રાહતનો શ્વાસ લીધો હતો.

વઢવાણ પોલીસ મથકમાંથી ૭ નવેમ્બરને સોમવારે રાત્રે અંદાજે ૮.૧૫ કલાકે હેડ કોન્સ્ટેબલ રણજિતસિંહ દિપસંગભાઈ સોલંકી લાપતા થયાની ઘટનાથી ચકચાર ફેલાઈ હતી. આ મામલે વઢવાણ પીએસઆઇ પર આક્ષેપો સાથે જિલ્લા પોલીસવડાને દિપસંગભાઈ સોલંકીએ રજૂઆત કારઇ હતી. જોકે, બુધવારે રાત્રે અંદાજે ૯ કલાકે રણજિતસિંહ પરત ફરતાં પરિવાર તેમજ પોલીસ તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો.આ અંગે રણજિતસિંહના સીપીઆઇ સમક્ષ નિવેદનો પણ લેવામાં આવ્યાં હતાં. જેમાં તેમણે જણાવ્યું કે, મારે બાધા હોવાથી પાટડી રણમાં આવેલા વછડાદાદાનાં દર્શને ગયો હતો. તેમણે એ પણ જણાવ્યુ કે, ફોન મારી જોડે હતો તે પણ બંધ થઈ ગયો હતો. ચૂંટણી સમયે રજા પર પ્રતિબંધ હોવાથી મને રજા નહીં મળે, તેવું વિચારીને કોઈને કહ્યા વગર નીકળી ગયો હતો. જોકે, પીએસઆઇના ત્રાસ અંગે જણાવ્યુ કે, કોઈ ત્રાસ નથી.

# ગાંધીનગર બ્રહ્મસમાજ દવારા આયોજિત વિશાળ સ્નેહ સંમેલન




ગાંધીનગર બ્રહ્મસમાજના સર્વે હોદેદાર સાથીઓને સફળ આયોજન માટે ખુબ ખુબ અભિનંદન

# અમદાવાદમાં ૫-૧૦ કિ.મી.ની 'ગ્રીન પ્લેનેટ રન'નું આયોજન, અમિષા પટેલ જોડાયા



અમદાવાદ,તા.૧૩

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે આજે સવારે પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવા 'ગ્રીન પ્લેનેટ રન' યોજાઈ હતી. જેમાં ૫ અને ૧૦ કિ.મી.ની 'ગ્રીન પ્લેનેટ રન'નું આયોજન કરાયું હતું પર્યાવરણ પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે તે માટે ૫ અને ૧૦ કિલોમીટરની ગ્રીન પ્લેનેટ રનનું આયોજન કરાયું છે.

આ દોડમાં ૨૦૦થી વધુ લોકો જોડાયા હતાં સાથે જ બોલિવુડ અભિનેત્રી અમિષા પટેલ પણ જોડાયા હતા. દોડના રૂટ પર ૧૦ હાઈડ્રેશન પોઈન્ટ અને ફિઝીયોથેરાપી સહિત ૩ મેડિકલ પોઈન્ટ રાખવામાં આવ્યા. દોડમાં ભગા લીધા બાદ જીત મેળવનારને મેડલ અને આકર્ષક ઈનામની રકમ પણ આપવામાં આવી હતી

ઉલ્લેખનીય છે કે, અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે આજે સવારે પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવા 'ગ્રીન પ્લેનેટ રન' યોજાઈ હતી.

જેમાં ૫ અને ૧૦ કિ.મી.ની 'ગ્રીન પ્લેનેટ રન'નું આયોજન કરાયું છે. વિજેતાઓને મેડલ અને આકર્ષક ઈનામી રકમ મળશે. આર પ્લેનેટ ઈન્ટીગ્રેટેડ સોલ્યુશન અને ટેક્નોગ્રીન રિસાયક્લિંગ દ્વારા ૫ અને ૧૦ કિ.મી.ની 'ગ્રીન પ્લેનેટ રન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ દોડમાં ૨૦૦થી વધુ સ્વયંસેવકો ઉપરાંત ૧૦ હાઈડ્રેશન પોઈન્ટ અને ફિઝીયોથેરાપી અને અન્ય સુવિધાઓ સાથે ત્રણ મેડિકલ પોઈન્ટ પણ રાખવામાં આવશે.

## ૨૨ વર્ષથી પાણી માટે પોકાર

# જૂનાગઢના જંગર ગામ નજીક ચાર ડેમ હોવા બે દાયકાથી પાણીનો પ્રશ્ન હલ ન થતાં ચૂંટણી બહિષ્કાર

જુનાગઢ,તા.૧૩

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે તમામ રાજકીય પક્ષો ગાંધીનગરની ગાદી મેળવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. જોકે, બીજી તરફ અનેક જગ્યાએ પાયાની સુવિધાનો અભાવ હોવાથી વિરોધ થઈ રહ્યો છે. ત્યારે જૂનાગઢના માળિયા તાલુકાના જંગર ગામ નજીક ચાર ડેમ હોવા છતાં ગામમાં ૨૨ વર્ષથી પાણીની સમસ્યા છે. જેને લઈને ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કાર કર્યો છે. ગામમાં કોઈ રાજકીય પક્ષોએ પ્રવેશ કરવો નહીં. તેવાં લખાણો દીવાલો પર ઠાલવીને આક્રોશ ઠાલવ્યો છે.છેલ્લાં ૨૨ વર્ષથી જંગર ગામલોકો સિંચાઈ પાણી માટે કેનાલની માંગણી કરતા આવ્યા છે, પરંતુ આટલાં વર્ષો વીતવા છતાં જંગરની જમીન બંજર જ છે. જે કારણે જંગલ ગામના લોકોએ સામૂહિક મતદાન કરવાનો બહિષ્કાર કર્યો છે. ગામની અંદર ૩૦૦૦ વીઘાથી વધુ વાવેતર માટેની જમીન આવેલી છે, પરંતુ




સિંચાઈ પાણી અને કેનાલ ન બનાવતા રવી પાક પણ લઈ શકાતો નથી. જેથી ગ્રામજનો રોષે ભરાયા છે.આ અંગે ગ્રામજનોએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, કેનાલના પ્રશ્નની રજૂઆત દરેક રાજકીય પક્ષોને કાને પહોંચાડી છે, લેખિતમાં પણ કરી છે. વર્ષ ૨૦૦૦થી જંગર ગામના લોકો દ્વારા લેખિતમાં ઉચ્ચકક્ષાએ પણ રજૂઆત કરી છે. ૨૦૦૯માં આંબા કુઈ કેનાલ સિંચાઈ યોજના મંજૂર પણ થઈ ગઈ હતી, એસ્ટિમેન્ટ થઈ ગયું હોવા છતાં પણ કામગીરી શરૂ થઈ નથી અને ૨૨ વર્ષથી જંગર ગામ લોકોએ સિંચાઈ કેનાલના માટે વિહોણું રહેવું પડ્યું છે.જંગર ગામ નજીકથી જ હિરણ સિંચાઈ યોજના ૨, લાશળી નાની સિંચાઈ યોજના, દેવગામ આંબા કુઈ ડેમ યોજના અને વ્રજમી ડેમ. આ ચાર ડેમો માત્ર ૪ કિલોમીટરના અંતરે જ આવેલા છે. તેમજ ગામ નજીકથી જ દેવકા નદી વહે છે, છતાં શિયાળામાં પણ નદી કોરી ધાકોર જોવા મળે છે. જેથી ૨૦૦૦થી વધુ વસ્તી ધરાવતું જંગર ગામે આજે સામૂહિક ચૂંટણીનો બહિષ્કાર કરી પાણી માટે પોકાર કર્યો છે.

# જેલમાંથી છુટ્યા બાદ રાજીવ ગાંધી હત્યાકાંડની દોષિત નલિનીએ કહ્યું- ગાંધી પરિવારને મળવું હવે શક્ય નથી

નવીદિલ્હી,તા.૧૩

: રાજીવ ગાંધી હત્યાકાંડના ૬ દોષિતોમાંથી એક નલિની શ્રીહરને ૩૨ વર્ષની સજા દરમિયાન તેને મદદ આપવા માટે તમિલનાડૂ અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો અને કહ્યું કે, તે પોતાના પરિવાર સાથે રહેવા માગે છે. શ્રીહરન , જે દેશમાં સૌથી લાંબા સમય સુધી આજીવન કારાવાસની સજા કાપનારી મહિલા કેદી છે. શુક્રવારે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ શનિવારે વેલ્લોર જેલમાંથી મુક્ત કરવામાં આવી હતી. જેમાં સુપ્રીમ કોર્ટે આરપી રવિચંદ્રન સહિત તમામ છ દોષિતોને મુક્ત કરવા માટે કહ્યું હતું.

જેલમાંથી બહાર આવતા, તેણે તમિલનાડૂના લોકોના આભાર વ્યક્ત કર્યો હતો અને કહ્યું કે, તેમણે ૩૨ વર્ષ સુધી મારુ સમર્થન કર્યું. એએનઆઈ સાથે વાત કરતા નલિનીએ પોતાના ભવિષ્યની યોજના વિશે જણાવ્યું છે. તેણે કહ્યું કે, હું મારા પરિવાર સાથે રહેવા માગું છું. મારા પરિવારના તમામ સભ્યો આટલા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા. હું રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો આભાર માનું છું. તેમણે આ દરમિયાન ઘણી મદદ કરી. ત્યાર બાદ એક સવાલ એવો પણ આવ્યો કે, શું તેઓ જેલમાંથી છુટ્યા બાદ હવે ગાંધી પરિવારને મળશે, નલિનીએ કહ્યું કે, ના આવી કોઈ યોજના નથી.નલિનીએ કહ્યું કે, મારા પતિ જ્યાં પણ જશે, ત્યાં જઈશ. અમે ૩૨ વર્ષ અલગ રહ્યા છીએ. અમારો પરિવાર રાહ જોઈ રહ્યો છે. હું ગાંધી પરિવારને મળવાની યોજના નથી બનાવી રહી. કેસ ચાલી રહ્યો છે. તેમને મળવાની કોઈ શક્યતાઓ નથી. મને પેરોલ આપવા માટે રાજ્ય સરકારને ધન્યવાદ આપું છું. હું એટલા માટે સુપ્રીમ કોર્ટ જઈ શકી અને પોતાના સ્તર પર સર્વશ્રેષ્ઠ પ્રયાસ કર્યો. દોષિતાના સારા આચરણને ધ્યાનમાં રાખતા ન્યાયમૂર્તિ બીઆર ગવઈ અને બીવી નાગરત્નાની બે ન્યાયાધીશોની પીઠ દ્વારા પસાર થયેલા આદેશ પર ટિપ્પણી કરતા નલિનીએ કહ્યું કે, ન્યાયધીશોએ અમારા કેસનું અધ્યયન કર્યું અને તેમને ખબર છે કે, શું ખોટું છે અને શું સાચું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.